RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 156* Date: 27.03.2023, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી 'મન કી બાત',

# દીવ અને 'સૌરાષ્ટ્રી તમિલ'નો ખાસ ઉલ્લેખ

**આપણા દેશમાં પરમાર્થને એટલું ઉપર રાખવામાં આવ્યું છે કે બીજાના સુખ માટે, લોકો પોતાનું સર્વસ્વ દાન કરવામાં પણ સંકોચ કરતા નથી**



નવીદિલ્હી,તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓ સાથે મન કી બાત કરી. પીએમ મોદીએ આજે મન કી બાત કાર્યક્રમના ૯૯માં એપિસોડને સંબોધિત કર્યું. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં પરમાર્થને એટલું ઉપર રાખવામાં આવ્યું છે કે બીજાના સુખ માટે, લોકો પોતાનું સર્વસ્વ દાન કરવામાં પણ સંકોચ કરતા નથી. આથી તો આપણને બાળપણથી શિવિ અને દધિચિ જેવા દેહદાનીઓની ગાથાઓ સંભળાવવામાં આવે છે. આધુનિક મેડિકલ સાયન્સના આ દૌરમાં અંગદાન કોઈને જીવન આપવામાં એક ખુબ મોટું માધ્યમ બની ચૂક્યું છે. એવું કહેવાય છે કે જ્યારે એક વ્યક્તિ મૃત્યુ બાદ પોતાનું શરીર દાન કરે છે તો તેનાથી ૮થી ૯ લોકોને એક નવું જીવન મળવાની સંભાવના બને છે.

પીએમ મોદીએ કહ્યું કે સંતોષની વાત એ છે કે આજે દેશમાં ઓર્ગન ડોનેશન પ્રત્યે જાગૃતતા વધી રહી છે. વર્ષ ૨૦૧૩માં આપણા દેશમાં અંગદાનના ૫ હજારથી પણ ઓછા કેસ હતા, પરંતુ ૨૦૨૨માં આ સંખ્યા વધીને ૧૫ હજારથી વધુ થઈ ગઈ. અંગદાન કરનારા વ્યક્તિઓએ, તેમના પરિવારે, ખરેખર ખુબ પુણ્યનું કામ કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે ૩૯ દિવસના અબાબત કૌર હોય કે પછી ૬૩ વર્ષના સ્નેહલતા ચૌધરી તેમના જેવા દાનવીર, આપણને જીવનનું મહત્વ સમજાવીને જાય છે. આપણા દેશમાંઆજે મોટી સંખ્યામાં એવા જરૂરિયાતવાળા લોકો છે જે સ્વસ્થ જીવનની આશામાં કોઈ ઓર્ગન ડોનેટ કરનારાઓની રાહ જુએ છે. મને સંતોષ છે કે અંગદાનને સરળ બનાવવા અને પ્રોત્સાહિત કરવા માટે સમગ્ર દેશમાં એક જેવી પોલીસી ઉપર પણ કામ થઈ રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે આ નવરાત્રિનો સમય છે, શક્તિની ઉપાસનાનો સમય છે. આજે ભારત જે સામર્થ્ય નવેસરથી નીખરીને સામે આવી રહ્યું છે, તેમાં ઘણી મોટી ભૂમિકા આપણી નારી શક્તિની છે. હાલમાં એવા કેટલાય ઉદાહરણ આપણી સામે આવ્યા છે. તમે સોશિયલ મીડિયા પર એશિયાના પહેલા મહિલા લોકો પાયલટ સુરેખા યાદવને જરૂર જોયા હશે. સુરેખા એક નવો વિક્રમ બનાવતા વંદે ભારત એક્સપ્રેસના પણ પહેલા લોકો પાયલટ બની ગયા છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત આજે સોલર એનર્જીના ક્ષેત્રમાં જે ઝડપથી આગળ વધી રહ્યું છે તે પોતાનામાં એક મોટી ઉપલબ્ધિ છે. ભારતના લોકો સદીઓથી સૂર્યથી વિશેષ રીતે નાતો ધરાવે છે. આપણા ત્યાં સૂર્યની શક્તિને લઈને જે વૈજ્ઞાનિક સમજ રહી છે, સૂર્યની ઉપાસનાની જે પરંપરાઓ રહી છે તે અન્ય જગ્યાઓ પર બહુ ઓછી જોવા મળે છે. બધાનો પ્રયાસ... એ જ સ્પીરિટ આજે ભારતના સોલર મિશનને આગળ વધારી રહી છે. દીવ વિશે ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે દમણ-દીવમાંથી જે દીવ છે કે જે એક અલગ જિલ્લો છે, ત્યાંના લોકોએ પણ એક અદભૂત કામ કરીને બતાવ્યું છે. તમે જાણતા હશો કે દીવ સોમનાથ પાસે છે. દીવ ભારતનો પહેલો એવો જિલ્લો બન્યો છે જે દિવના સમયે પણ તમામ જરૂરિયાતો માટે ૧૦૦ ટકા ક્લિન એનર્જીનો ઉપયોગ કરે છે. દીવની આ સફળતાનો મંત્ર પણ બધાનો પ્રયત્ન જ છે. એક સમયે અહીં વીજળી ઉત્પાદન માટે સંસાધનો અંગે પડકાર હતો. લોકોએ આ પડકારના સમાધાન માટે સોલર એનર્જીને પસંદ કરી. અહીં ઉજ્જડ જમીન અને અનેક બિલ્ડિંગ્સ પર સોલર પેનલ લગાવવામાં આવી. આ પેનલ્સથી દીવમાં દિવસના સમયે જેટલી વીજળીની જરૂર હોય છે તેનાથી વધુ વીજળી પેદા થઈ રહી છે. આ સોલર પ્રોજેક્ટથી વીજળી ખરીદી પર ખર્ચ થનારા લગભગ ૫૨ કરોડ રૂપિયા પણ બચ્યા છે. તેનાથી પર્યાવરણની પણ મોટું રક્ષણ થયું છે. પુણેનો પણ આ મામલે તેમણે ઉલ્લેખ કર્યો અને કહ્યું કે પુણે અને દીવે જે કરીને દેખાડ્યું છે આવા જ પ્રયત્નો દેશભરમાં અનેક અન્ય જગ્યાએ પણ થઈ રહ્યા છે. પીએમ મોદીએ પુણે વિશે કહ્યું કે અહીં એમએસઆર-ઓલિવ હાઉસિંગ સોસાયટીના લોકોએ નક્કી કર્યું કે સોસાયટીના પીવાના પાણી, લિફ્ટ અને લાઈટ જેવી સામૂહિક ઉપયોગની ચીજો હવે સોલર એનર્જીથી જ ચલાવવામાં આવશે. ત્યારબાદ આ સોસાયટીના બધા લોકોએ મળીને સોલર પેનલ લગાવી. આજે આ સોલર પેનલથી દર વર્ષે લગભગ ૯૦ હજાર કિલોવોટ અવર વીજળી પેદા થાય છે. તેનાથી દર મહિને લગભગ ૪૦,૦૦૦ રૂપિયાની બચત થાય છે. આ બચતનો લાભ સોસાયટીના તમામ લોકોને થઈ રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના આપણા દેશને મજબૂતી આપે છે. આપણે જ્યારે એક બીજા વિશે જાણીએ છીએ, શીખીએ છીએ તો એક્તાની આ ભાવના વધુ ગાઢ બને છે. તેમણે કહ્યું કે એક્તાની આ જ સ્પિરીટ સાથે આગામી મહિને ગુજરાતના વિવિધ ભાગોમાં 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ' થવા જઈ રહ્યો છે. 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ' ૧૭થી ૩૦ એપ્રિલ સુધી ચાલશે. પીએમએ કહ્યું કે સદીઓ પહેલા સૌરાષ્ટ્રના અનેક લોકો તમિલનાડુના અલગ અલગ ભાગોમાં જઈને વસી ગયા હતા. આ લોકો આજે પણ સૌરાષ્ટ્રી તમિલના નામે ઓળખાય છે.

# ઇસરોની અંતરિક્ષમાં હરણફાળ, ૩૬ સેટેલાઇટ સાથે સૌથી ભારે એલવીએમ-૩ રોકેટ લોન્ચ કર્યું

શ્રીહરિકોટા,તા.૨૬

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન(ઈસરો)એ ૩૬ વનવેબ ઈન્ટરનેટ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં લોન્ચ અને પ્રક્ષેપિત કરીને ઈતિહાસ રચ્યો છે.બ્રિટિશ સ્ટાર્ટ અપ કંપની વન વેબમાં એરટેલ એટલે કે ભારતી એન્ટરપ્રાઈઝ પણ શેર હોલ્ડર છે. વનવેબ સાથે ઈસરોની બે ડીલ થઈ છે.

જેમાંથી એક ગત વર્ષે થઈ હતી. આ રોકેટમાં બીજીવાર ખાનગી કંપનીના કોઈ સેટેલાઈટ લઈ જવાયા છે અને તેનો સક્સેસ રેશિયો ૧૦૦ ટકા રહ્યો છે.

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠને ૩૬ વનવેબ ઈન્ટરનેટ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં લોન્ચ અને પ્રક્ષેપિત કરીને ઈતિહાસ રચ્યો છે. ભારતના સૌથી વજનદાર



રોકેટ લોન્ચ વ્હીકલ માર્ક-૩ થી લો અર્થ ઓર્બિટ પર લોન્ચ કરાયા. સવારે ૮.૩૦ વાગે રોકેટ લોન્ચ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. જેને આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટામાં સતીષ ધવન અંતરિક્ષ કેન્દ્રથી લોન્ચ કરાયું.

પ્રક્ષેપણ ઈસરોના એસડીએસસી એસએચએઆરના બીજા લોન્ચ પેડથી સવારે ૯ વાગે નિર્ધારિત કરાયું હતું. કાઉન્ટડાઉન દરમિયાન રોકેટ અને સેટેલાઈટ સિસ્ટમની તપાસ કરાઈ અને ત્યારબાદ રોકેટ માટે ઈંધણ ભરાયું. ૪૩.૫ મીટર લાંબુ અને ૬૪૩ ટન વજનવાળું ભારતીય રોકેટ ન્ફસ્૩ શ્રીહરિકોટા સ્થિત રોકેટ પોર્ટના બીજા લોન્ચ પેડથી લોન્ચ કરાયું. ૫૮૦૫ કિલોગ્રામ વજનવાળું આ રોકેટ બ્રિટન સ્થિત નેટવર્ક એક્સેસ એસોસિએટેડ લિમિટેડ (વનવેબ)ના ૩૬ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં લઈ ગયું છે.

તેનાથી પૃથ્વીની નીચલી કક્ષામાં ઉપગ્રહોના સમૂહોની પહેલી પેઢી પૂરી થઈ જશે. લો અર્થ ઓર્બિટ પૃથ્વીની સૌથી નીચલી કક્ષા હોય છે.

એલવીએમ-૩ એક ત્રણ ચરણોવાળું રોકેટ છે. જેમાં પહેલો તબક્કો લિક્વિડ ઈંધણ, નક્કર ઈંધણ દ્વારા સંચાલિત બે સ્ટ્રેપ-ઓન મોટર, લિક્વિડ ઈંધણ દ્વારા સંચાલિત બીજુ અને ક્રાયોજેનિક એન્જિન હોય છે.

ઈસરોના આ ભારે ભરખમ રોકેટની ક્ષમતા એએલઈઓ સુધી ૧૦ ટન અને જિયો ટ્રાન્સફર ઓર્બિટ (જીટીઓ) સુધી ચાર ટન વજન લઈ જવાની છે.

ઈસરો દ્વારા રોકેટ મિશન કોડનું નામ ન્ફસ્૩-સ્૩/ વનવેબ ઈન્ડિયા-૨ મિશન રાખવામાં આવ્યું છે. રોકેટ લોન્ચ થયાની બરાબર ૧૯ મિનિટ બાદ સેટેલાઈટ્સના અલગ અલગ થવાની પ્રક્રિયા શરૂ થઈ. ૩૬ સેટેલાઈટ્સ અલગ અલગ તબક્કામાં છૂટા પડ્યા.

બ્રિટિશ સ્ટાર્ટ અપ કંપની વન વેબમાં એરટેલ એટલે કે ભારતી એન્ટરપ્રાઈઝ પણ શેર હોલ્ડર છે.

વનવેબ સાથે ઈસરોની બે ડીલ થઈ છે. જેમાંથી એક ગત વર્ષે થઈ હતી. આ રોકેટમાં બીજીવાર ખાનગી કંપનીના કોઈ સેટેલાઈટ લઈ જવાયા છે અને તેનો સક્સેસ રેશિયો ૧૦૦ ટકા રહ્યો છે. ગત વર્ષે ઓક્ટોબરમાં પણ ઈસરોએ વનબેસના ૩૬ સેટેલાઈટ્સ ન્ફસ્૩ રોકેટ સાથે લોન્ચ કર્યા હતા. આ સફળ અભિયાનથી દુનિયાના દરેક હિસ્સામાં સ્પેસ આધાર બ્રોડબેન્ડ ઈન્ટરનેટ યોજનામાં મદદ મળશે.

# એપ્રિલ મહિનામાં ૧૫ દિવસ બેંકો બંધ રહેશે

મુંબઇ,તા.૨૬

માર્ચ મહિનાને પૂરો થવામાં હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. માર્ચ બાદ હવે એપ્રિલ મહિનો શરૂ થશે. આ સાથે બેંકની રજાઓની યાદી પણ બહાર પાડવામાં આવી છે. આ રીતે જો તમારી પાસે બેંકિંગ સંબંધિત કોઈ કામ છે. તો આ રજાઓ અનુસાર તમારી યોજનાઓને બનાવો.બેંકોના હોલિડે કેલેન્ડર મુજબ એપ્રિલમાં ૧૫ દિવસ માટે બંધ રહેશે. જેમાં પ્રાદેશિક અને રાષ્ટ્રીય રજાઓ સાથે બીજા અને ચોથા શનિવાર અને રવિવારનો પણ સમાવેશ થાય છે.

એપ્રિલમાં બેંકો છે મહાવીર જયંતિ, બાબુ જગજીવન રામનો જન્મદિવસ, ગુડ ફ્રાઈડે, ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ, સંક્રાંતિ/બીજુ ફેસ્ટિવલ/બિસુ ફેસ્ટિવલ, તમિલ ન્યૂ યર ડે, વિશુ/ બોહાગ બિહુ, બંગાળી ન્યૂ યર ડે (નબ્બારશા), શબ-એલ. - કાદર, ઈદ-ઉલ-ફિત્ર (રમજાન ઈદ)/ ગરિયા પૂજા/જુમાત-ઉલ-વિદા અને રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) પર બંધ રહેશે.

એપ્રિલ મહિનામાં બંધ રહેશે બેંકો

એપ્રિલ ૧ (શનિવાર) - વાર્ષિક ખાતાઓ બંધ થવાને કારણે (મિઝોરમ, ચંદીગઢ, મેઘાલય અને હિમાચલ પ્રદેશ) સિવાય બેંકો બંધ રહેશે.

૪ એપ્રિલ (મંગળવાર) - મહાવીર જયંતિ નિમિત્તે ગુજરાત, મિઝોરમ, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, ચંદીગઢ, તમિલનાડુ, રાજસ્થાન, લખનૌ, નવી દિલ્હી, છત્તીસગઢ, ઝારખંડમાં બેંકો બંધ રહેશે.

૫ એપ્રિલ (બુધવાર) - બાબુ જગજીવન રામના જન્મદિવસ નિમિત્તે હૈદરાબાદમાં બેંકો બંધ રહેશે.

૭ એપ્રિલ (શુક્રવાર) - ગુડ ફ્રાઈડે નિમિત્તે, ત્રિપુરા, ગુજરાત, આસામ, રાજસ્થાન, જમ્મુ, હિમાચલ પ્રદેશ, શ્રીનગર સિવાય મોટાભાગના રાજ્યોમાં બેંક રજા રહેશે.

૧૪ એપ્રિલ (શુક્રવાર) - ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ/ બોહાગ બિહુ/ચિરાઓબા/વૈશાખી/ બૈસાખી/તમિલ નવા વર્ષનો દિવસ/ મહા બિસુભા સંક્રાંતિ/બીજુ ઉત્સવ/ બિસુ ઉત્સવ પર બેંકો બંધ રહેશે.

૧૫ એપ્રિલ (શનિવાર) - ત્રિપુરા, આસામ, કેરળ, બંગાળ, હિમાચલ પ્રદેશમાં વિશુ / બોહાગ બિહુ / હિમાચલ દિવસ / બંગાળી નવા વર્ષ દિવસ (નબવર્ષ) નિમિત્તે બેંકો બંધ છે.

૧૮ એપ્રિલ (મંગળવાર) - શબ-એ-કદરા - જમ્મુ અને શ્રીનગરમાં બેંકો બંધ રહેશે.

એપ્રિલ ૨૧ (શુક્રવાર) - ત્રિપુરા, જમ્મુ અને શ્રીનગર, કેરળમાં ઈદ-ઉલ-ફિત્ર (રમજાન ઈદ)/ગરિયા પૂજા/જુમાત-ઉલ-વિદાના કારણે બેંકો બંધ છે.

# કોંગ્રેસના નવા બની રહેલા હેડ ક્વાર્ટર પર બુલડોઝર ચાલ્યું

નવીદિલ્હી,તા.૨૬

લોક નિર્માણ વિભાગ (પીડબ્લ્યુડી)એ દિલ્હીમાં દીનદયાલ ઉપાધ્યાય માર્ગ પર સ્થિત કોંગ્રેસ હેડક્વાર્ટરની નિર્માણાધિન ઈમારત પર સામાન્ય કાર્યવાહી કરતા બુલડોઝર ચલાવી દીધો. આ કાર્યવાહી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી)ની મંજૂરી વિના બનાવવામાં આવેલા ૩ પગથિયાંને લઈને કરવામાં આવી છે.

એક અધિકારીના જણાવ્યા મુજબ, નિર્માણ માપદંડો મુજબ, એક ઈમારતમાં જતા પગથિયાં તેના બહાર નહીં બનાવી શકાય. તેનો દાયરો એટલો જ હોવો જોઈએ જેટલો નક્કી હોય.

પીડબ્લ્યુડીના એક અધિકારીએ કહ્યું કે, નિર્માણના માપદંડો મુજબ, કોઈ ઈમારતમાં જનારા પગથિયાં તેની બહાર નહીં બનાવી શકાય. પગથિયાં ઈમારતના ગેટની અંદર જ હોવા જોઈએ.પીડબ્લ્યુડીએ આ અઠવાડિયાની શરૂઆતમાં દીનદયાલ ઉપાધ્યાય માર્ગનું નિરીક્ષણ કર્યું હતું અને કોંગ્રેસ હેડક્વાર્ટરના અધિકારીઓને તેને લઈને પહેલા જ જાણકારી આપી દેવામાં આવી હતી. પીડબ્લ્યુડી એક અન્ય અધિકારીએ કહ્યું કે,પીડબ્લ્યુડીના એક સર્વેક્ષણ બાદ સામે આવ્યું કે, પગથિયાં ફૂટપાથનું દબાણ કરી રહ્યા હતા અને આ કાયદાકીય રીતે ખોટા હતા એટલે હિસ્સાને હટાવી દેવામાં આવ્યો.

પીડબ્લ્યુડીના અધિકારીએ કહ્યું કે, આ પગથિયાંને તોડવા માટે કોંગ્રેસ તરફથી પહેલા જ લીલી ઝંડી મળી ચૂકી હતી. આ કોઈ મોટું ડિમોલિશન નહોતું.

# નગર વિકાસ કરના નામ પર ગહલોત સરકાર બદનામ થઇ રહી છે

જયપુર,તા.૨૬

નગર વિકાસ કર(યુડી ટેક્સ)ની વસુલીમાં સ્વાયત્ત શાસન વિભાગની મિલીભગતથી પ્રાઈવેટ કંપની ખેલ કરી રહી છે.મનમાની રીતે વિતરીત કરવામાં આવી રહેલ યુડી ટેક્સના બિલોથી ફકત સામાન્ય જનતા પરેશાન છે એટલું જ નહીં મોટી સંસ્થાન પણ પરેશાન છે.જેના પર સંસ્થાનિક દરોથી ટેક્સ લગાવવો જોઇએ તેના પર કોમર્શિયલ દરથી લગાવવામાં આવી રહ્યો છે.આ રીતે ૩૦૦ વર્ગગજથી ઓછા ક્ષેત્રફળ વાળી જે આવાસીય સંપત્તિઓ પર ટેકસ બિલકુલ લાગતો નથી તેમને પણ ટેકસના બિલ આપવામાં આવી રહ્યાં છે તેનાથી બંન્ને નગર નિગમોને પણ કરોડો રૂપિયાના મહેસુલનું નુકસાન થઇ રહ્યું છે કારણ કે ગત ૩ વર્ષથી કંપની ટેકસ વસુલીના લક્ષ્ય પુરો કરી રહી નથીબંન્ને નગર નિગમોનું દુર્ભાગ્ય એ છે કે ડિસ્કોમે ૨૫૧.૮૪ કરોડ રૂપિયાની વિજળી બિલ બાકી નિકાળી દીધું છે પરંતુ બંન્ને નગર નિગમ સ્પૈરો કંપનીને કામ આપવાના ત્રણ વર્ષ બાદ પણ ના તો ટેકસ યોગ્ય સંપત્તિઓનું સર્વે પુરૂ કરાવી શકે અને ન તો પહેલાથી ઉપલબ્ધ જુના સર્વે ડેટાના આધાર પર નક્કી ગાઇડ લાઇન અનુસાર યુડી ટેકસના બિલ વિતરિત કરાવામાં આવે છે. સ્થિતિ એ છે કે ટેકસ વસુલી કંપનીની પાસે અનુભવની કમીનું નુકસાન જયપુરની હોસ્પિટલ,નાના દુકાનદારો અને ૩૦૦ વર્ગગજ સુધીના ક્ષેત્રફળવાળા આવાસીય પરિસરોના માલિકોને ઉઠાવવું પડી રહ્યું છે કારણ કે મુખ્યમંત્રી અશોક ગહલોતે ૩૦૦ લર્ગગજથી ઓછા ક્ષેત્રફળવાળી રહેણાંક અને સ્થાનિક અને જેમાં ૯૦૦ વર્ગફુટ સુધી વ્યવસાયિક ઉપયોગ થઇ રહ્યો છે પરંતુ નગર વિકાસ કરમાં ૧૦૦ ટકાની છુટ આપવામાં આવી છે પરંતુ આવી સંપત્તિઓને પણ ટેકસ બિલ આપવામાં આવી રહ્યાં છે.જાણકારીના અભાવમાં કેટલાક લોકો ટેકસ જમા કરાવી ચુકયા છે. હવે ખુદને છેંતરાયેલા અનુભવી રહ્યાં છે કારણ કે એકવાર જમા થયા બાદ ટેકસના પૈસા પાછા લેવા સરળ કામ નથી જયપુર મેરિએટ હોટલનું કુલ બિલ સામાન્ય ઔદ્યોગિક દરથી ૨ લાખ ૧ હજાર રૂપિયા જ છે.જયારે હોટલ પૈરાડાઇઝ જે ૪-૫ સ્ટાર શ્રેણીમાં છે તેનું બિલ ૧૯૪૪૨ રૂપિયા દર્શાવાયું છે.સાગાનેરમાં સંગમ સિનેમા ચૌરડિયા પેટ્રોલ પંપથી ડિગ્ગી રોડની વ્યવસાયિક દર જ ઓછો કરી દીધો છે.અંકુર સિનેમાને ટેકસ બિલમાં મુખ્ય સડકના દર લગાવવામાં આવ્યો છે. પરંતુ તેને બદલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ગોલછા સિનેમાનું બિલ શૂન્ય કરી દેવામાં આવ્યો છે.એયરપોર્ટનો એરિયા ફકત ૨૯ હેકટર બતાવવામાં આવેલ વ્યવસાયિક દરથી એયરપોર્ટ અથોરિટીને બિલ પકડાવી દીધું જયારે તેનો વાસ્તવિક એરિયા સેંકડો એકરમાં છે જયારે જાહેરનામા ૨૦૧૬ અનુસાર એયરપોર્ટ પર સંસ્થાનિક દર લાગવો જોઇતો હતો.આ રીતે ટોંક રોડ પર ખંડાકા હોસ્પિટલને વ્યવસાયિક દરનું બિલ મોકલવામાંઆવી છે.આવી તમામ ફરિયાદો નગર નિગમને મળી રહી છે.બીજીબાજુ યુડી ટેકસ અને જાહેરાત શુલ્કની વસુલીના લક્ષ્ય પુરૂ નહીં કરવાને કારણે નગર નિગમો તરફથી સતત પ્રાઈવેટ કંપની સ્પૈરો સોફટટેકને નોટીસ આપવામાં આવી રહી છે.પેનલ્ટી લગાવવા અને બ્લેક લિસ્ટ કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે પરંતુ ભાજપ નેતાઓના સંરક્ષણ અને સ્વાયત્ત શાસન નિદેશાલયના દબાણના કારણે નગર નિગમ કંપની પર કોઇ એકશન લેવામાં આવી રહ્યાં નથી.

## તંત્રી સ્થાનેથી...

# રેટિંગ આપતી ક્રેડિટ એજન્સીઓ પર પ્રશ્નાર્થ

*૨૦૦૭-૦૮ દરમ્યાન અમેરિકી અર્થવ્યવસ્થામાં હાહાકાર મચ્યો હતો અને લેહમેન બ્રધર્સ સહિત કેટલીય અમેરિકી બેંકોએ દેવાળું ફૂંક્યું હતું. અમેરિકાના આ આર્થિક સંકટનો દુષ્પ્રભાવ યુરોપીય બેંકો ઉપરાંત વિશ્વના તમામ દેશો પર પડ્યો. જોકે અમેરિકી સરકાર દ્વારા ત્રણ ખર્વ ડોલરની સહાયતા રકમ કે આર્થિક પેકેજથી આ સંકટ એ સમયે તો ટળી ગયું, પરંતુ જાણકારોનું માનીએ તો તેના પછી અમેરિકી અર્થવ્યવસ્થા કમજોર થઈ. એ સમયે ભારતના વડાપ્રધાન મનમોહન સિંહે કહ્યું હતું કે ભારતને ફરક નહીં પડે, કારણ કે ભારતીય બેંકોના કોઈ વિશેષ સંબંધ પશ્ચિમની આ બેંકો સાથે નથી. જોકે અમેરિકી અને યુરોપી દેશો પર આવેલા આ સંકટથી ભારતની નિકાસ પર થોડો દુષ્પ્રભાવ તો પડ્યો, પરંતુ તેમ છતાં ભારતની વિકાસ યાત્રા નિરંતર ચાલુ રહી. આ દોરમાં એક દિલચસ્પ વાત એ રહી કે વિશ્વ અને મહત્ત્વ પૂર્ણ સંસ્થાઓ પર તી-ણ નજર રાખનારી રેટિંગ એજન્સીઅની ભૂમિકા આ સંકટ પહેલાં અને બાદમાં પંગુ અને સંદેહાસ્પદ બની રહી.*

*આ વર્ષે માર્ચના બીજા અઠવાડિયામાં અમેરિકી ટેક સ્ટાર્ટઅપની ફંડિંગ કરનારી સિલિકોન વેલી બેંક અચાનક બંધ થઈ ગઈ અને તેનું અધિગ્રહણ અમેરિકી સરકારે કરી લીધું. જાણકારોનું માનવું છે કે સિલિકોન વેલી બેંકનું ડૂબવું ટેક્નોલોજી ક્ષેત્ર માટે 'લેહમેન બ્રધર્સ'ના ડૂબવા જેવું જ છે. સિલિકોન વેલી બેંકના ડૂબવાની સાથે જ અમેરિકી આર્થિક સંકટ ફરીથી વધવા લાગ્યું છે. આ તરફ અમેરિકામાં વધતા વ્યાજ દરોને કારણે અમેરિકી સરકાર સમર્થિક મોર્ગેજ બોન્ડ અને ત્યાં સુધી કે અમેરિકી ટ્રેઝરી બિલ જે અત્યંત સુરિક્ષત માનવામાં આવતા હતા, તેમની કિંમતો પણ ભારે તૂટી ગઈ. સિલિકોન વેલી બેંક પછી ૧૬૭ વર્ષ જૂની સ્વિટ્ઝરલેન્ડની બીજી સૌથી મોટી બેંક અને વૈશ્વિક ઈતિહાસમાં સૌથી વધુ પ્રભાવશાળી બેંક 'ક્રેડિટ સુઈસ', સ્વિટ્ઝરલેન્ડની સૌથી મોટી બેંક 'યુબીએસ'ના હાથે વેચાઈ ગઈ. જ્યારે આ બેંકમાંથી ગયા અઠવાડિયે જમાકર્તાઓ દ્વારા દસ અબજ ડોલર કાઢી લેવામાં આવ્યા તો સ્વિટ્ઝરલેન્ડ સરકારે યુબીએસને ક્રેડિટ સુઈસ ખરીદી લેવાનું કહ્યું. પરંતુ ઈતિહાસે ખુદને ફરીથી દોહરાવ્યો અને દુનિયાની મોટી રેટિંગ એજન્સીઓ એક વાર ફરીથી રોકાણકારોને જોખમ વિશે ચેતવવામાં નિષ્ફળ રહી. સિલિકોન વેલી બેંક ડૂબતાં પહેલાં, મૂડીઝે તેને 'એ-થ્રી' રેટિંગ આપ્યું હતું, જે તેના માપદંડ પર સાતમું ઉચ્ચ રેટિંગ છે. તેનાથી પણ વધુ રસપ્રદ વાત એ રહી કે બેંક ડૂબ્યા બાદ પણ મૂડીઝે તેના રેટિંગમાં માત્ર એક સ્તરનો ઘટાડો કરીને તેને 'બીએએ-એક' રેટિંગ આપ્યું! ઉલ્લેખનીય છે કે આ બંને રેટિંગ રોકાણકારોને તલભાર પણ ચેતવતા નથી કે આ સંસ્થામાં રોકાણનું જોખમ છે. આ જ વાત ક્રેડિટ સુઈસ માટે પણ લાગુ થાય છે. ક્રેડિટ સુઈસની વેબસાઈટ પર જ લખ્યું છે કે તેની ક્રેડિટ રેટિંગ ૨૦ માર્ચ સુધી યથાવત રહી. એ વાત અલગ છે કે તેના ડૂબ્યા બાદ રેટિંગને થોડું ઘટાડવામાં આવ્યું છે. પરંતુ એ વાત હવે ઉજાગર થઈ ગઈ છે કે રેટિંગ એજન્સીઓ રોકાણકારોને સમય પર ચેતવણી આપવામાં બિલકુલ અસફળ રહી છે.*

*વિશ્વની ત્રણ મુખ્ય રેટિંગ એજન્સીઓ - સ્ટાન્ડર્ડ એન્ટ પુઅર્સ, મૂડીઝ અને ફિચ છે. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ તથા મૂડીઝનું મુખ્યાલય અમેરિકામાં છે, જ્યારે ફિચનું મુખ્યાલય ન્યૂયોર્ક અને લંડન બંનેમાં છે. તેઓ દુનિયાભરના દેશો અને આર્થિક સંસ્થાઓને રેટિંગ આપે છે. તેમના રેટિંગના આધાર પર આ દેશો દ્વારા લેવામાં આવેલ લોન પર વ્યાજદરો નક્કી કરવામાં આવે છે. વિભિન્ન આર્થિક સંસ્થાઓ પર લોકોનો ભરોસો પણ આ જ રેટિંગ્સ પર નિર્ભર કરે છે. આ એજન્સીઓ દુનિયાભરની સંસ્થાઓ અને દેશોની વિશ્વસનીયતાનું મૂલ્યાંકન કરે છે, પરંતુ આજે તેઓ ખુદ શંકાના દાયરામાં છે. આ જ એજન્સીઓ જે અમેરિકા અને યુરોપના દેશો પર સંકટ છતાં કુંભકર્ણની નિદ્રામાં રહે છે, ભારત જેવા દેશો વિશે જરૂર કરતાં વધારે સંવેદનશીલ થઈ જાય છે.*

# ટ્રાફિક સિગ્નલની લાલ, પીળા , ઓરેન્જ લાઇટ, સિગ્નલો, માણસો વગેરે હટાવી બંદૂકવાલે બાબા હાયર કરી દો!!!

પાણીના રેલાની જેમ ટ્રાફિક ચાલશે!!'

કોઇ દિવસ ટ્રાફિકના ચક્રવ્યૂહમાં ફસાયા છો?ટ્રાફિકની લીલી લાઇટ થયા પછી લાલ લાઇટ થાય. પાછી લીલી લાઇટ થાય અને પાછી લાલ લાઇટ થાય. આટલું વાંચતા થાકી જાવ તો ટ્રાફિકમા ફસાયેલ વલે શી થતી હશે ?)આવું ત્રણ વાર થાય તો તો પણ ટ્રાફિકમાં ફસાયેલ વાહન નીકળી ન શકે .ત્યારે હાથની મુઠ્ઠીઓ વાળવા સિવાય તમે કાંઇ કરી શકો નહીં. બહુબહુ તો તમે બે હાથની હથેળી નિરાશાથી ઘસી શકો . તમે ગાડીની બહાર નીકળી તમારી ઇચ્છાનુસાર સ્વરૂચિ અનુસાર ડાબા કે જમણા પગને ગોઠણથી અંદર વાળીને તબિયતથી વૈશાખીનંદનની માફક ફ્રી હેન્ડ ડીઝાઇન સ્ટાઇલથી લાત ઉછાળી શકો. તમારી આંગળના વાહન આગળ વધતા ન હોય તેને મોટા અવાજે મણમણની ગાળ ( કારની બારીના કાચ બંધ કરીને સ્તો વળી!! હવે તો ક્વિન્ટલ કે ખાંડી ભરીને ગાળ સલામત રીતે ચોપડાવી શકો!!! કારની બારીના કાચ બંધ,સલામત ગાળ એવું સૂત્ર મંત્ર તરીકે વાયરલ કરી શકાય!!!)આ સમયે ભગવાન દર્શન દેવા આવે તો કાચ ખોલવાનું મન થાય નહીં!!રસ્તે કેટલાક નાની મોટી વસ્તુ વેચીને પેટિયું રળતા હોય તો આપણે તેની વસ્તુ ખરીદતા નથી. બીજું બાજુ કોઇ વ્યક્તિ ભીખ માંગતી હોય તો " હતો કટો છે,ભીખ માંગતા શરમ નથી આવતી ? કોઈક કામ ધંધો કર" તેવી સુફિયાણી સલાહ આપીએ છીએ . સ્વાશ્રયી વ્યક્તિને મદદ કરતા નથી.

હાઇ વે પર અકસ્માત કે બીજા કારણસર વાહનોનો ખડકલો થઇ જાય છે. ટ્રાફિક ઓવરજામમાં ઓવર ટેઇક કરવાની ખંજવાળ આવે છે. વાહન ઓવરટેઇક પણ કરીએ છીએ. આગળ એવા ફસાઈએ છીએ કે આગળ કૂવો અને પાછળ ખાઇ જેવી દશા થાય. ત્યારે બોધિવૃક્ષ નીચે બેઠા વગર પૂનમ નહીં પણ અમાસના દિવસે જિંદગીમાં શોર્ટ કટ લાંબાગાળે લોંગેસ્ટ પુરવાર થાય છે તેનો આધ્યાત્મિક અહેસાસ થાય છે. આગે ભી જાને ન દૂ, પીછે આને દે ગીત કોઇ પ્રેમગીત નથી પણ અકસ્માતમાં ફસાયેલ આત્માની કકળાટ કથા છે!!! ત્યારે મનમાં એક જ વિચાર આવે છે કે ક્યારે રાહત મળે!! લગભગ આવું જ સેન્શેસન કુદરતી હાજતના પ્રચંડ પ્રેસર સમયે અનુભવાય છે. પ્રસૂતાની પીડા વંધ્યા શું જાણે એવું પણ કહેવાય છે. આ જ બાબત સેઇમ ટુ સેઇમ ટ્રાફિકમાં ફસાયેલને લાગુ પડે છે!!ત્યારે એવું થાય કે ફૂગ, વાયરસ, રોગોના જંતુ શોધવામાં જિંદગી બગાડતા વૈજ્ઞાનિકો વાહનમા ફલાઇંગ ગિયર લગાવવા જેવી ઢંગની શોધ કરે તો તેના પરમ પૂજય ફાધરનો કયો ગિરાસ લૂટાઇ જતો હશે?? ટ્રાફિકમાં ફસાયેલ જીવો સુલભ શૌચાલયની બહાર તેનો વારો આવે તેની રાહ જોતાં હોય ત્યારે તેના

ટ્રાફિક સિગ્નલ એ જગતની બોરીંગતમ જગ્યા છે. કબૂલ છે કે ઘરમાં મહેમાન આવ્યા હોય તો ટ્રાફિક સર્કલે ફેરવડાવીએ. શું કીધું હવે કયાં ફરવાલાયક ડેસ્ટિનેશન નથી! મેં કીધું કે ભૈ નવરા છીએ તો પગ છૂટે કરવા ટ્રાફિક સિગ્નલ જઇ આવીએ એવું કોઇ નહી કહે, શું કહો છો , રાજુ રદી ભૈ?? કેમ કે, ટ્રાફિક સિગ્નલે પગ છૂટો થવાના બદલે બંધાઇ જાય છે. મહિલા ન હોવા છતાં પગ ભારે થઇ જાય છે!!!

ટ્રાફિક સિગ્નલે ફસાયા હોય અને કવિ સુરેશ દલાલ સાહેબ યાદ આવ્યા વગર રહે ખરા ?એમની રચના ફેરફાર સાથે રજૂ. " કોઇ ટ્રાફિક જંકશને , ઊભો સાંજ-સવારે, સિગ્નલ ખુલે તેની રાહ જોઉં છું. બીજા કવિ હરિન્દ્ર દવે સાહેબને યાદ કરો. ' મારાય ટ્રાફિક સિગ્નલ પર ગ્રીન લાઇટ છે, મને રેડ લાઇટની બીક ન બતાવો!"સુરેશ દલાલ સાહેબ અને હરિન્દ્ર દવે સાહેબ યાદ કરો તો રમેશ પારેખ સાહેબ ઝાલ્યા રહે? " ધીમે ધામે ટ્રાફિક સિગ્નલની લાલ-લીલી લબુકઝબુક લાઇટની સાખે તને ફલાઇંગ કિસ દીધાનું યાદ છે!!

ટ્રાફિક સિગ્નલે જે જીવ ફસાયો હોય તેને ભગવાન વિષ્ણુ ગરૂડ પર આરૂઢ થઇને સ્વયં આવે તો પણ ગજેન્દ્રમોક્ષની જેમ ટ્રાફિકમોક્ષ કરાવી શકતા નથી.ટ્રાફિક સિગ્નલે ફસાયા હોય ત્યારે ઓટોમેટિક કારને બદલે કોઇ કાર કંપની ફલાઇંગ ગિયરવાળી ગાડી કેમ બજારમાં મુક્તા નથી તેનો ભરચક અફસોસ, ગ્લાનિ અને વિષાદ થાય છે. સાલ્લું રામાયણમાં ટ્રાફિકકાંડ કે ભગવદ્ ગીતામાં ટ્રાફિક યોગ કે ઘોંઘાટ સ્થિતપ્રજ્ઞયોગ કેમ નથી તેવા પાયાના પ્રશ્નો થાય છે!!

ટ્રાફિક સિગ્નલે તમે ઉભા રહો ત્યારે કારનું એન્જિન બંધ કરી દો છો . અગર કારનું એન્જિન ચાલુ રાખો છો. ( આમાં શું નવું ઉવાચ , ગિરધરલાલ ગરબડીયા ?) ખાલી ખાલી સાહેબની જેમ ફેંકાફેંક કરો છો- મિસ્ટર ગરબડીયા !!!)તમે કરકસરના હિમાયતી હોઉં તો એસી બંધ કરી બાકીનો કાચ ખોલી નાખો છો. કારની બહાર ભીખારીઓની લંગાર હોય છે!! જાતજાતનું વેચવાવાળા સેલ્સમેનશીપ બતાવતા રહે છે. તમે કારના કાચ બંધ કરીને બેસ્યા હો તો તમે જાકીર હુસેનના સીધી લીટીના વારસદાર હો તેમ આંગળીથી સ્ટિયરીંગને તબલા માની તબલા વગાડો છો. વનરાજ જેમ બગાસા ખાવ છો. તમે બંને હાથના આંગળા એકમેકમાં ભરાવીને ટચાકા ફોડો છો. તમે એક વસ્તુ માર્ક કરી હોય તો સુખનો સમય માનો ઘડીબેઘડીનો હોય તેમ ઝપાટાભેર પસાર થાય છે. દુખનો સમય ચંદક્ષણોનો હોય તેમ યુગોયુગોનો હોય તેમ મંથરગતિએ પસાર થાય છે!! તમે આદુબાજુના વાહનોમાં નજરનો કેમેરો ફેરવો છો. કોઇ મુગ્ધાનું રસપાન કરો છો. તમારી નજર સિગ્નલ પર હોય છે. જેવી લીલી લાઇટ બ્લિંક થાય એટલે એનધેન દીવાધેન કરીને વાહનોના ઘોડા વછૂટે છે. આંગળના વાહનો કેમ ખસતા નથી તેની અકળામણ થાય છે. પાછળના વાહનોના હોર્ન રણભેરીની જેમ ગૂંજતા રહે, બ્રેક અને એકસિલીટર પર પગ રાખીને ભાગવાની ફિરકામાં હોય છે. જો લીલી લાઇટ બંધ થાય અને પાંચ સેકન્ડના ઓરેન્જ લાઇટની વાતરણી તરવા ભગીરથ પ્રયાસો કરો છો. ઓરેન્જ લાઇટ બંધ થાય એટલે બાર વહાણ ડુબી ગયા હોય તેવી નિરાશા નિષ્પન્ન થાય છે!!

મહારાષ્ટ્રમાં થતા છૂટાછેડાના કુલ કેસોમાં ૩૦% કેસો ટ્રાફિકજામને કારણે થાય છે તેવો દાવો કરવામાં આવે છે.છે. ટ્રાફિક સિગ્નલોના કારણે સ્વગૃહે વિલંબથી પરત થતા પતિદેવોની પત્ની દ્વારા લેફટરાઇટ લેવાય છે. ટ્રાફિક સિગ્નલને કારણે બધા પરેશાન થાય છે. રાતના સૂમસામ સમયમાં. બે-ત્રાણ વાગ્યાના સુમારે. વાહન તો શું વાહનનું ટાયર પણ દૂરદૂર દ્રષ્ટિગોચર થતું ન હોય. પાડાને કાંધ મારે એવી રાતે. બીએસએનએલનો અહર્નિશ સેવામહેનો મંત્ર આત્મસાત કરી આપણી આગવી પોલીસ ટ્રાફિક નિયમન કરતી હોય. રાતના સમયે ઉંઘવાના બદલે આંખમાં ફરજ પરસ્તીનું આંજણ આંજી ફરજ બજાવતી હોય. કેવા ગૌરવ અને ગર્વની બાબત કહેવાય.

'ટ્રાફિકના પીક અવરમાં પોલીસ ગાયબ હોય અને ટ્રાફિક રામ રહીમ જીસસ ભરોસે હોય'

આ કોણ બોલ્યું? આવું કોચું કેમ બોલો છો,ભાઇ? હમણા હેલ્મેટ કે માસિકના મેમામાં મુંડાયા હો એટલે પ્રેમાળ( હે! પોલીસ દાદા ક્યારે પ્રેમાળ થયા? ચાલો દાદાની મૂંછ ખેંચીએ! ઘોડો ઘોડો રમીએ. દાદાનો ડંગોરો લઇ ઉઘરાણું કરીએ!!છેલુલું વાક્ય રદ ગણવું. અબ્રહ્મણ્ય, જિહ્વાનો દોષ છે.શાંતમ્ પાપમ્!!)દાદાની ભૂલો શોધવાની?? માનો કે થોડી ટટકાડી હોય! ભાઇ ડયૂટીનો સ્ટ્રેસ કેટલો હોય! સાહેબો તો સકકરમી! નીચેનો સ્ટાફ અક્કર્મી. સાહેબની જીભ હુકમ કરે એમ અકકરમીના ટાંટિયા હુકમની તામિલ કરે!!

રાતના ત્રણ વાગ્યે મુસ્તેદીથી પોલીસ ટ્રાફિકનું નિયમન કરતી હોય. કોઇ મહિલા ટ્રાફિક સિગ્નલ જંમ્પ કરે. તેને પકડવા બાહોશ પુરૂષ કર્મચારી રાજપૂત યોધ્ધાની જેમ કેસરિયા કરે. કેસરિયા રાજમાં કેસરિયા કરો તો મનભાવન પોસ્ટિંગ મળે. ભરણું જવા દોને એ વાત!! ફરજનિષ્ઠ પોલીસ કર્મચારી ફરજ પર હોય ત્યારે ગુનેગાર સ્ત્રી કે પૂરૂષ છે તેવા ક્ષુલ્લક વર્ગીકરણ શું કામ કરે? એ તો અર્જુન જેમ માત્ર આંખ એટલે ગુનેગાર જુએ કે બીજી પિષ્ટપેષણ કરે. પકડાયો તહોમતદારને પીપી આપે.ભાઇ પીપીને એક અર્થ ન હોય! પીપી એટલે પોલીસ પ્રસાદ. આ પ્રસાદ સીંગ ,સાકરીયા, સુખડી, ખીચડી , લાપશી નારિયેળ, મોહનથાળ જેવો પ્રસાદ ન હોય!!

' રાત્રિના સમયે ટ્રાફિક સિગ્નલ બંધ હોય તો સિગ્નલ જંપ કરવાનો સવાલ કયાંથી આવે? આ ગુનામાં ચલન કે મેમો ફાડવાનો હોય, વાહન ડીટેઇન કરવાનું હોય. ગુનેગારની ધરપકડ કે મારપીટનો સવાલ કયાંથી આવે? રાત્રિ દરમિયાન ગંભીર ગુના સિવાય મહિલાની ધરપકડ કરી ન શકાય!'

આ કોણ બોલ્યું? દેશદ્રોહી રાષ્ટ્રદ્રોહી?તમે ગાંઠિયાની લારી ચલાવતા હો અને ગાંઠિયાનો લોટ બાંધતી વખતે ધોવાનો સોડા કેટલો નાંખવો તેના માટે પોલીસદાદા કોઇ દિવસ કંઇ કરતાં કંઇ કહે છે? તો પછી અમારા કામમાં શેના ડબકા મુકો છો?ટ્રાફિક સિગ્નલ બંધ હોય તો સિગ્નલ જંપ વર્ચ્યુઅલ ન થાય પણ રિયલમાં થાય કે નહીં?ટ્રાફિકના કાયદાનો ભંગ એ ગંભીર ગુનો ન કહેવાય? ટ્રાફિકના કારણે કુલ છૂટાછેડા ૩% ટ્રાફિકના કારણે થાય છે!!

હમણા એક ભાઉએ અંક પૈસાના ખર્ચ વિના ટ્રાફિકનું ધારદાર, અસરદાર, શાનદાર પરિણામલક્ષી નિયમન કર્યું. વાતમાં મોણ નાંખવાનું રહેવા દો. મલાવા ન કરો. સીધી વાત કરો. નો બકવાસ નો બદહવાસ!!! ટ્રાફિક નિયમન માટે કેમેરા નંબર પ્લેટ કેપ્ચર કરે તેવા એપીએનઆર કેમેરા, નાઇટવિઝન કેમેરા,સ્ટોપ પાઇનના પટા, સફેદ ઝીબ્રા, ટ્રાફિક પોલીસ, ચકલી પોલીસ, ટીઆરબી જવાન -આ બધા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર છે ખરી?? ટ્રાફિકમાં પંદર વીસ મિનિટથી ફસાયેલ મહાશયની ડાગળી ચસકી!!! તેણે પગપાળા ટ્રાફિક સર્કલ ધસી જઇ , ખિસ્સામાં હાથ નાંખી કંઇક કાઢ્યું. તેને હવામાં લહેરાવી.

પછી ટ્રિગર દબાવી. ગનની ગોળી છૂટેલી જોઇ વાહનો શિસ્ત પૂર્વક નીકળવા માંડ્યા . લગભગ દોઢ મિનિટમાં ટ્રાફિક મોડરેટ થઇ ગયો. આને કહેવાય ટ્રાફિકનું અહિંસક અને સાત્વિક નિયમન !!!જો કે ગનકાયદેસર હતી કે ગેરકાયદેસર હતી!! ગન રાખવા જે રાજ્ય લેવલની મંજૂરી હતી કે જય માતાજી. આ બધાનો સર્વે કરો તેવી લાગણી છે!!

ટ્રાફિક સિગ્નલની લાલ, પીળા , ઓરેન્જ લાઇટ, સિગ્નલો, માણસો વગેરે હટાવી બંદૂકવાલે બાબા હાયર કરી કો!! અથવા આઉટ સોર્સથી રાખી શકાય. ટ્રાફિક જ્યારે માણસની માફક વકરે તો બાર કે વીસ બેરલની બંદૂક લઇને ટ્રાફિક ડયુટી પર તૈનાત કરો, તમામ ટ્રાફિક પાણીની જેમ પલકારામાં ક્લિયર થઇ જશે તે હું ખાતરીથી કહું છું

ભરત વૈષ્ણવ
૨૬.૩.૨૦૨૩.

## અકાલ તખ્તના જથેદારે અલગતાવાદી અમૃતપાલને આત્મસમર્પણ કરવાનું કહ્યું

ચંડીગઢ,તા.૨૬

અકાલ તખ્તના જથેદાર ગિયાની હરપ્રીત સિંહે ભાગેડુ કટ્ટરપંથી અમૃતપાલ સિંહને પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવા અને તપાસમાં સહકાર આપવા જણાવ્યું હતું. અકાલ તખ્તના જથેદારે પોલીસની ક્ષમતા પર પણ સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે આટલી મોટી ફોર્સ હોવા છતાં તેઓ અમૃતપાલને કેમ પકડી શક્યા નથી.

જથેદારે કહ્યું, 'જો અમૃતપાલ (પોલીસ કસ્ટડીમાંથી) બહાર હશે, તો હું તેને હાજર થવા અને (પોલીસ) તપાસમાં સહકાર આપવા કહીશ.' સિંઘની ટિપ્પણી કટ્ટર અલગતાવાદી અમૃતપાલ અને તેના નેતૃત્વ હેઠળના સંગઠન 'વારિસ પંજાબ દે' સામે રાજય પોલીસના ક્રેકડાઉનને પગલે આવી છે. અમૃતપાલ ૧૮ માર્ચથી ફરાર છે.

પંજાબ સરકારે અમૃતપાલ અને તેના કેટલાક સહયોગીઓ સામે કડક રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કર્યો છે.

જથેદારે શનિવારે એક વીડિયો સંદેશમાં કહ્યું કે વિશ્વભરમાં રહેતા દરેક શીખના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે રાજયમાં આટલી મોટી પોલીસ ફોર્સ હોવા છતાં અમૃતપાલની ધરપકડ કેવી રીતે થઈ શકી નથી.

તેનું નામ જીંદગી છે.
લડખડાઈને ટટાર ઊભા રહેવું તેનું નામ જીંદગી છે,
પછડાઈને ટટાર ઊભા રહેવું તેનું નામ જીંદગી છે.
હાર પામીને પણ જીતી જવું તેનું નામ જીંદગી છે,
વિલાપ કર્યા પછી પણ હસી જવું તેનું જીંદગી છે.
ભૂલ કરીને ભૂલ સુધારવી તેનું નામ જીંદગી છે,
બેવફાઈ ભૂલી નવી શરૂઆતનું નામ જીંદગી છે.
ખાખ-રાખમાંથી ફરી બેઠા થવાનું નામ જીંદગી છે,
બેવફાઈ પામ્યા પછી સ્નેહોપાર્જનનું નામ જીંદગી છે.
જન્મ-મરણ,આવાગમન-પ્રસ્થાનનો કયા અંત છે?
લખ-ચોર્યાસીના ફેરામાંથી મોક્ષ પ્રાપ્તિનું નામ જીંદગી છે.
ભરત વૈષ્ણવ
૨૬.૩.૨૦૨૩.

લાગણીઓ.!!
સચ્ચાઈ,નિખાલસતાંથી ઉદ્દભવે છે લાગણીઓ,
અસત્યનાં વાકેફથી ચગડોળે ચઢે છે લાગણીઓ!
આંખોમાં છલકતો નિશ્વાર્થ પ્યારનો સમુંદર જોઈ,
શરમાતી રહી લાગણીઓ!
હ્રદયે વહેતી મમતાભર્યા સ્નેહની સરિતા જોઈ,
હરખાતી મહીં લાગણીઓ!
ઈચ્છાઓનું મારણ અપેક્ષાઓનાં વધતાં ભારણથી,
ઝંખવાતી રહી લાગણીઓ!
સંવેદનાઓનાં અહેસાસે નિતનવાં શમણાંનો શણગાર,
સંજોણતી મહીં લાગણીઓ!
વિચારોની સારપતાથી તૃષ્ણા પામી વહેતાં ઝરણાં માફક,
ખળખળતી વહી લાગણીઓ!!
પ્રીતિ પટેલ ( અમદાવાદ )

શબ્દો મારા શ્ર્વાસ છે.

શબ્દોની માયાજાળમાં એવી અટવાણી કે કવિતાઓ રચાણી....

વાર્તાનાં ફકરાઓ એમ જ મનમાં રચાણા અને કયારે નવલકથા બની ગઈ.....

શબ્દો મારાં શ્વાસ બની ગયાં. અને જીવનનાં અનુભવોના નિચોડથી લેખીકા બની ગઈ.......

લાગણીઓને વાચા આપી, ઉભરાઓ ઠાલવ્યાં વેદનાઓની કહાની બની ગઈ......

હવે તો શબ્દો જ મારાં શ્વાસમાં એવાં વણાઈ ગયાં કે જીવન જીવવાની કળા શીખી ગઈ..??..

સફળતાનાં શિખરો સર કરી, વધવું છે મારે આગળ અને એક નાનીસી મુસ્કાન ખીલી ગઈ......

વર્ષા ભટ્ટ 'વૃંદા'અંજાર

આ સમય છે:
મધદરિયે ડુબાડશે, આ સમય છે,
અધવચ્ચે રંજાડશે, આ સમય છે.
આટલો ભરોસો ના કર એના ઉપર,
પળવારમાં તૂટી જશે, આ સમય છે.
નભના સિતારા સંગ આસન આપશે,
પછી કરશે ભોંયભેગો, આ સમય છે.
ભરબપોરનો પ્રખર સૂરજ બનાવશે,
સાંજ પડે ઢાળી દેશે, આ સમય છે,
આજે તો શિખરે પહોંચાડશે 'મુકેશ',
પછી ધકેલશે ખીણમાં, આ સમય છે.
-મુકેશ પરીખ
ન્યુ જર્સી, યુ. એસ. એ.

કે બોલ સખી...
કે બોલ સખી લાગણીની વાત તને શ્વાસ વચ્ચે ક્યાં લગી ફાવશે
ને જિંદગીની એકધારી દોડમાં યાદ મારી ક્યાં લગી આવશે
એમ આંગળીના વેંઢેથી ગણી શકાય તો અમે પણ ગણી ને જઈએ
એમ આયખાના છેડે થી ઉડી શકાય તો અમે પણ ઉડીને ફરીએ
આ આપણું તો મળવાનું એવું કે અજાણ્યા હોઈએ એકમેક થી
આ આપણું તો ભળવાનું એવું કે જાણીતા હોઈએ છેક છેક થી
ને છુટ્ટા પડીને આપણું આ મળવાનું તું પણ ક્યાં લગી મમળાવશે?
કે બોલ સખી લાગણીની વાત તને શ્વાસ વચ્ચે ક્યાં લગી ફાવશે
અજવાળું સુરજનું એવીતો મધમીઠી વાતો સંભળાવશે
ડાબા હાથે જેને મૂક્યું હતું એને જમણા હાથે કોક અભળાવશે
શ્વાસનું શિરામણ તું એમ જ છોડીને પાણી ઘટઘટાવીશ એક લોટો
અમસ્તી દર્પણની સામે ઉભી રહીને ગુસ્સો કરીશ ખોટેખોટો
આ દિવસને જેમતેમ પટાવ્યો પણ રાતને તું ક્યાં લગી સમજાવશે?
કે બોલ સખી લાગણીની વાત તને શ્વાસ વચ્ચે ક્યાં લગી ફાવશે
ને જિંદગીની એકધારી દોડમાં યાદ મારી ક્યાં લગી આવશે
-શૈલેષ પંડ્યા ભીનાશ (અમદાવાદ )

## કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિહ સહિત ૨૩ લોકો ને કોર્ટમાથી રાહત મળી

મુજફ્ફરપુર,તા.૨૬

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિહને કોર્ટે મોટી રાહત આપી હતી. ૨૦૧૪ માં બિહારને વિશેષ રાજયનો દરરજો આપવાની માગ સાથે ગિરિરાજ સિહ સહિત ઘણા નેતાઓએ રેલ રોકો આંદોલન કર્યુ હતુ. આ આંદોલન મુજ્ફ્ફરપુરમાં ટ્રેનને રોક્યા બાદ આરોપીમાં ગિરિરાજ સિહ અને અન્ય નેતાઓ વિરુદ્ધ કેસ દાખલ કવામાં આવ્યો હતો . પરંતુ બિહારના મુજફ્ફરપુરમાં એમપી એમએલએ કોર્ટે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિહ સહિત ૨૩ નેતાઓએ રાહત આપતા તેમને છોડી મુકવામાં આવ્યા છે. રેલ આંદોલના સમયે પોલીસે તેમની અટકાયત કરી તેમને સામે કેસ દાખલ કર્યો હતો. પરંતુ આ મામલે કોર્ટમાં કોઇ પુરાવા રજુ ના કરવામાં આવતા જેના લીધે કોર્ટે આ મામલે તમામ લોકોને બરી કરી દીધા છે. મુજફ્ફરપુરની વિશેષ કોર્ટે ગિરિરાજ સિહ સહિત પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ કુમાર શર્મા, વીણઆ દેવી, અરવિંદ સિહ, અંજુ રાની, દેવાંશુ કિશો, કમલેશ્વર પર્સાદ, આશીષ સાહુ, શશિકુમાર સિહ, રિતેન્દ્ર કુમાર, દિનેશ કુમાર, ધિરેન્દ્ર પ્રસાદ મનીષ કુમાર, અવિનાશ સુમન કુમાર, રઘુ નંદન પ્રસાદ સિહ, મદન ચૌધરી, રામબાબુ રાય, ચંદન, ગીતા દેવી, રામસુરત રાય અન્યને બરી કરી દિધા છે.જણાવી દઈએ કે, જ્યારે કોર્ટે નિર્ણય સંભળાવ્યો ત્યારે ગિરિરાજ સિહ કોર્ટમાં હાજર હતા. કોર્ટે ગિરિરાજ સિહને કોર્ટમાં હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો . રાહુલ ગાંધી પર બીજેપીનો પલટવાર, રવિશંકર બોલ્યા- તેમણે ઓબીસીનુ અપમાન કર્યુંરાહુલ ગાંધી પર બીજેપીનો પલટવાર, રવિશંકર બોલ્યા- તેમણે ઓબીસીનુ અપમાન કર્યુંસીનિયર એડવોકેટ અશોક કુમાર અને રાજવી કુમારે આમામલે જાણકારી આપી હતી. આ કેસ છેલ્લા ૯ વર્ષથી ચાલી રહ્યા હતો.

## હવે સંજય રાઉતનો વારો ! 'ચોર મંડળી' વાળા નિવેદનનો કેસ ઉપરાષ્ટ્રપતિ સુધી પહોચ્યો

### કોલ્હાપુરની મુલાકાતે ગયેલા સંજય રાઉતે ૧ માર્ચે કહ્યું કે, તે વિધાન મંડળી નથી પણ ચોર મંડળી છે

મુંબઇ,તા.૨૬

કોઈને કોઈ કેસમાં ફસાયેલા વિપક્ષના ઘણાબધા નેતાઓની ખુરશી જતી રહી છે. કોર્ટ દ્વારા સજા ફટકાર્યા બાદ ઘણા નેતાઓએ તેમનુ ધારાસભ્યપદ અથવા તો સાંસદનું પદ ગુમાવી દીધુ છે. તાજેતરમાં રાહુલ ગાંધીની સાંસદ તરીકેની સદસ્યતા ગઈ છે. હવે ઉદ્ધવ જૂથ શિવસેનાના વરિષ્ઠ નેતા સંજય રાઉતનુ પદ પણ જોખમમાં આવી ગયું છે.

રાહુલ ગાંધી પછી, હવે સંજય રાઉત સામે સભ્યપદ ગુમાવવાનુ જોખમ તોળાઈ રહ્યું છે. ચોર મંડળીના નિવેદનનો કેસ હવે રાજયસભાના અધ્યક્ષ જગદીપ ધનખડ પાસે પહોંચી ગયો છે. હવે રાજ્ય સભાના અધ્યક્ષ આ બાબતે શું નિર્ણય લે છે તેના પર રાઉતની સદસ્યતાનો નિર્ણય રહેશે.

આ મહિનાની શરૂઆતમાં, મહારાષ્ટ્ર પરિષદના ઉપરાષ્ટ્રપતિ નીલમ ગોરહેએ શિવ સેના (યુબીટી) નેતા સંજય રાઉતને ભારતીય જનતા પાર્ટી દ્વારા આપવામાં આવેલી વિશેષાધિકાર ઉલ્લંઘન નોટિસનો જવાબ આપવા નિર્દેશ આપ્યો હતો. જે પછી જ્યારે રાઉતે જવાબ મોકલ્યો, ત્યારે તેને "અસંતોષકારક" ગણાવવામાં આવયો હતો. મહારાષ્ટ્ર પરિષદમાં બોલતા, ગોરહેએ કહ્યું કે રાઉતે તેમના જવાબમાં ગૃહની વિશેષાધિકાર સમિતિની રચના, તેની ન્યાયીપણા અને કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા.

તેમણે આ વિશે કહ્યું- "રાજયસભાના એક વરિષ્ઠ સભ્ય હોવાના સંબંધે, એવી અપેક્ષા રાખવામાં આવતી નથી કે તેઓ વિશેષાધિકાર સમિતિની કામગીરી અંગે પ્રશ્નો ઉભા કરે. તેથી હું તેના જવાબ સાથે સંપૂર્ણ રીતે સંમત નથી અને મને તે સંતોષકારક નથી લાગતો. આ મામલો રાજયસભાના અધ્યક્ષને મોકલવામાં આવ્યો છે કારણ કે સંજય રાઉત રાજયસભાના સભ્ય છે. "

હકીકતમાં, જ્યારે એકનાથ શિંદેએ શિવ સેનાને તોડી નાખી અને પોતે ભાજપ સાથે સરકારની રચના કરી, ત્યારે સંજય રાઉતે એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતુ. કોલ્હાપુરની મુલાકાતે ગયેલા સંજય રાઉતે ૧ માર્ચે કહ્યું કે, તે વિધાન મંડળી નથી પણ ચોર મંડળી છે. જ્યારે વિવાદ વધ્યો, ત્યારે તેમણે સ્પષ્ટ કર્યું કે તેણે શિંદ જૂથ માટે શબ્દનો પ્રયોગ કર્યો હતો.

આ નિવેદન માટે સંજય રાઉતની ગંભીર ટીકા કરવામાં આવી હતી. તેમની ટિપ્પણીએ આ મહિનાની શરૂઆતમાં મહારાષ્ટ્ર વિધાનસભાની કાર્યવાહીમાં પણ વિક્ષેપ પાડ્યો હતો. રાઉત સામે એક વિશેષાધિકારનો ઠરાવ લાવવામાં આવ્યો હતો અને વિધાનસભાના અધ્યક્ષે, વિધાનસભા વિરુદ્ધ સંજય રાઉતે કરેલા કથિત અપમાનજનક નિવેદનની તપાસ માટે એક સમિતિની રચના કરી હતી.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS N0 :0064**
વિષય : ચારિત્ર્ય
પ્રકાર : પદ્ય
શબ્દો : ૯૬
શીર્ષક : કેળવ માનવી તું એવી કળા

કેળવ હે માનવી!
તું એવી કળા
ઈશ્વર સમીપ તું પહોંચી શકે.
કળા એવી કે,
વાણી, વર્તન, વિચારના
સદ્ગુણને અંતરથી તું પારખી શકે.
કળા એવી કે,
કાંટાળી ડાળ વચ્ચે પણ
કૂમળા ફૂલની ફોરમ તું માણી શકે.
કળા એવી કે,
સ્નેહ અને અપેક્ષા વચ્ચેના
આછેરા પડદાને તું પાડી શકે.
કળા એવી કે,
વિદ્યા અને સંપત્તિ સાથે રાખી
સાયુજ્ય તું સાધી શકે.
કળા એવી કે,
મનનાં પંચરંગી વિચારો સાથે
એકાગ્રતાને પ્રાથમિકતા તું આપી શકે.
કળા એવી કે,
ચિંતા અને ચિતા વચ્ચે સર્જાતા
ભેદને તું સારી રીતે જાણી શકે.
કળા એવી કે,
કળિયુગની દોટમાં આચરણ સાથે
તારા ચારિત્ર્યને તું પાંગરી શકે.
નેહા બગથરીયા

********************†***********

***N.O.G. S.S. No.0102*.**
★વિષય:- ચારિત્ર્ય★.
★શીર્ષક :- માનવીનું ચારિત્ર્ય★.
★શબ્દો:- ૨૭૫★.
★લેખકનું નામ:- રતીલાલ વાયડા★
★રચના:★-

માનવીનું ચારિત્ર્ય એટલે તેમાં વિશેષ પ્રકારના ગુણ હોવા.

માનવ જીવનનું મૂલ્ય તેના ચારિત્ર્ય પર છે. માયા , મમતા , પ્રેમ , સત્ય, અહિંસા નિરાભિમાનનિતા, પ્રમાણિકતા , ચોરી ન કરવી , નિંદા ન કરવી, પોતાનું કામ હંમેશા નિયમિત રીતે કરવું , શરીર તંદુરસ્ત રાખવું , બીજાના કાર્ય માટે હંમેશા તત્પર રહેવું , સગા સંબંધી , મિત્રો અને કુટુંબ તથા માલિક તરફ પોતાની ફરજો અદા કરવી.

ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાએ★ ★વૈષ્ણવજન તો તેને રે કહીએ★ કાવ્યમાં જે વૈષ્ણવ ના લક્ષણ વર્ણવેલા છે તેવા તમામ પ્રકારના લક્ષણો એ ચારિત્રવાન માણસમાં હોવા જરૂરી છે.

ચારિત્ર્યવાન માણસનો વિશ્વાસ તમામ લોકો કરતા હોતા હોય છે એટલું જ નહીં પરંતુપહેલાનાજમાનામાં તો નોકરી રહેવા માટે ચારિત્ર અંગેનું કોઈ પ્રતિષ્ઠિત માણસનું પ્રમાણપત્ર હોવું એ જરૂરી હતું અને ત્યાર બાદ જ તેને નોકરી આપવામાં આવતી હતી. જો કે આજના જમાનામાં આ પ્રથા બદલાઈ ગઈ છે.

દરેક સ્ત્રી તરફ માન અને સન્માનની ભાવનાથી જોવું. તેના તરફ કોઈ પણ પ્રકારે દુરાચાર ન કરવો, અને તેના તરફ કદી પણ કુદ્રષ્ટિ ન કરવી એ પણ ચારિત્રનું ઉત્તમ લક્ષણ કહી શકાય. સ્ત્રીને માતા સમજી અને દરેક તરફ સન્માનની ભાવના થી જોવું.

નાના મોટા તમામને સન્માન અને નમ્ર ભાવથી તેના તરફ વ્યવહાર રાખવો . જગતના તમામ પ્રાણી માત્ર તરફ પ્રેમ ભાવ રાખો અને આપણાથી બનતું તેનું કલ્યાણ કરવું એ પણ ચારિત્રવાન પુરુષના લક્ષણ છે.

માનવીનું જો ચારિત્ર કલંકિત થાય તો આ કલંક તેના જીવન ભર નિવારી શકાતું નથી અને લોકો હંમેશા તેને તુચ્છ ભાવનાથી જુએ છે. તેનો કોઈ વિશ્વાસ કરતું નથી. તે પછી ભલે ગમે તેટલો ધનવાન હોય તો પણ સમાજમાં. તેની કોઈ કિંમત હોતી નથી.

ઉત્તમ ચારિત્ર વાળા માણસના હંમેશા વખાણ થાય છે તેનો સમાજમાં પ્રભાવ અને પ્રભુત્વ હોય છે.

માટે આપણે ચારિત્ર સારું રહે તે માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ.

★લેખક:- રતીલાલ વાયડા★

********************†***********

**NOG SS No-106**
NOG સાહિત્ય સરિતા-ગ્રુપ

વિષય:-★ચારિત્ર્ય★
શીર્ષક:-"કર્ણપ્રિય કોયલ કડવી કે કપટી?"
શબ્દ:-૨૮૮

-------------------

"કોયલડી ને કાગ વાને વરતાયે નહિ!
જીભલડીમાં જવાબ સાચું સોરઠિયો ભણે!"

વસંતમાં આંબે મોર આવી ચૂક્યા હોય.આંબાવાડિયું સુગંધિત થઈ ચૂક્યું હોય, ત્યાં દૂરથી કોયલ કૂકે,તે મધુરો અવાજ સાંભળવો એટલે સ્વર્ગનો અનુભવ! મધુરી કોયલને જોવી હોય તો કોઈ લીંબડાની ડાળીએ,કાગડાના માળામાં છાનીછૂપી,પોતાનાં ઈંડા મૂકી આવતી જોઈએ,સમજાઈ જાય,કર્ણપ્રિય કોયલ હકીકતમાં કેટલી કડવી છે! કપટી છે!

જગતનાં કાચનાં યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે!નસારા કે નઠારાની સંગતે રહેજે!

વિજ્ઞાનમાં અણુપરમાણુ વિશે ઘણું શીખ્યાં છીએ.નાના હતાં ત્યારે,ખાસ ઘરની બહાર નીકળીએ,આકાશમાં જોઈએ તો જીણાં ટપકાં દેખાતાં.તેનો કોઈ રંગ નહોતો! પણ એ જે બાજુ જાય તેવો રંગ પકડે! આપણા જીવનું એવું જ છે.જીવ,જન્મ ધારણ કરે પછી,જે/તે જગ્યાના વાતાવરણ પ્રમાણે. વ્યક્તિત્વ ઘડતર થાય. સુથારનો દિકરો સુથાર, કારીગરનો દિકરો કારીગર(જોકે હવે સમય બદલાઈ ગયો છે)

અધૂરી ઈચ્છાઓ ચારિત્ર્ય ઘડતરમાં મહત્વનો ફાળો ભજવતી હોય છે.

પરણવાની ઈચ્છાઓ,પૈસા ભૌતિકતાની દોડ પાછળ માણસ પોતાનું વ્યક્તિત્વ સુધારતો હોય અથવા બગાડતો હોય.

એક ઉદાહરણ. "સોશ્યલ મીડિયા"--માણસને સામ,દામ,દંડ,ભેદ થકી, "નામકો" કમાવો હોય છે.

ફિલ્મજગત,રાજકારણ દરેક જગ્યાએ 'કાવાદાવા''વેશપલ્ટા માણસોમાં જાતને આગળ લાવવા કોશીશ કરે!

ચારિત્ર્ય ખરાબ જ બને એવું જરૂરી નથી.
વાલિયો લૂટારો-વાલ્મિકી રુષિ બને.

ચારિત્ર્યને સમાજ સાથે જબરું ઘટબંધન છે. સમાજની વાતમાં આવી,રામ સતી સીતાની અગ્નિ પરીક્ષા લે!

ચારિત્ર્યમાટે કોની સરખામણી કરવી?
ગીતમાં ગાયું છે.
"દયાના સાગર
કૃપારે નિધાન
ઘટઘટના જ્ઞાતા થઈ પૂજાવો
પણ રામ તમે સીતાજીની તોલે ન આવો.. "
રામાયણમાં- દરેકનું ચારિત્ર્ય જુદું.
આપણાંચારિત્ર્યનુંઘડતર,
વિચારવર્તન ઉપર છે.

માટલું ઘડવા,માટીને ટીપવીમસળવી પડે! સારાં ચારિત્ર્ય માટે,વ્યક્તિત્વને અનુભવોના એરણે ચઢાવી મઠારવું પડે.

"કોઈના કહેવાથી
ચારિત્ર્ય સારુંકેનરસું ન થાય.
"યે તો અંદર કી બાત હૈ."

કાનુડાને સોળહજારઆઠ રાણીઓ. એને ભગવાન તરીકે પૂજીએ છીએ.

મુક્તિદા કુમાર
"રુપલી"
મુંબઈ - મહારાષ્ટ્ર

**********************************

**NOG SS No : 0092**
પ્રકાર :- પદ્ય
વિષય:-ચારિત્ર્ય
શિર્ષક:- પરિભાષા અને શિકાર

ચારિત્ર્યની વ્યાખ્યા અનેક ને અપાર,
જેવા મન તેવી સમજ, ગૂઢ ને બિનઆધાર.
વ્યાખ્યા પાછી જુદી - જુદી,
સ્ત્રીને પુરુષ જાતિને આધાર.
ચારિત્ર્યના માપદંડ સમાજે ઠેરવ્યા,
પુરુષોની તરફેણમાં ઘણા વધાર.
સમાજને માટે સામાજિક મૂલ્યોનું પાલન,
નીતિ- નિયમોને મર્યાદાપૂર્ણ વ્યવહાર.
વિશેષ ઝોક વિજાતીય સંબંધો પર,
થાય છે કેવા પરસ્પર એમાં વ્યવહાર.
શરમ, મર્યાદા સ્ત્રીનું જ ઘરેણું,
એથી જ સ્ત્રી શોભે એમ મનાય.
શીલ સ્ત્રીનું કાચનું વાસણ,
તિરાડ પડે ને બિનઉપયોગી ગણાય.
અપમાનજનક શબ્દો સ્ત્રીના ચારિત્ર્યને લક્ષી,
મનનું જો કરે તો ખુદ ને કુળ પર લાંછન ગણાય
સ્ત્રીને ઘરમાં પૂરવા, ચારિત્ર્ય પર દાગ લગાવાય,
ચારિત્ર્યના નામે સ્ત્રીના વિકાસને ભરખાય.
ચારિત્ર્યને નામે સ્ત્રીઓ પર થતી હિંસા,
ક્યાંક ઘરને ખૂણે તો ક્યાંક જાહેરની માંય.
પુરુષ તો તાંબાનો લોટો,
બગડે તો ઘસેથી ફરી ઉજળો થાય.
હશે એ બહાર ફરે છે પણ આવે છેને ઘેર પાછો!
કહી કેટલી માનુનીઓને વડીલો દ્વારા છેતરાવાય.
છે હજું આજેય વિડંબના લાખો મજબૂરો માટે,
અન્યના ચારિત્ર્ય પ્રમાણપત્રો પર જીવન જીવાય.
માનવીય મૂલ્યો, પ્રામાણિકતા કે સદભાવનાઓ,
છડેચોકે ઉપેક્ષિત થાય.
ચારિત્ર્ય નામની રૂપેરી જાળમાં,
સ્ત્રીઓ, ગરીબો ને મજૂરોને રોજ ફસાવાય.
# અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
૨૬/૦૩/૨૩.

# મહારાષ્ટ્રમાં ૪૩૭, દિલ્હીમાં પણ કેસો વધ્યા, કોરોનાની સ્પીડ વધતા મોદી સરકાર એક્શનમાં આવી

## ભારતમાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા વધીને ૮૬૦૧ થઈ ગઈ છે

નવીદિલ્હી,તા.૨૬

દેશમાં કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. કેસો ફરીથી ડરાવવા લાગ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે માસ્ક અને સેનેટાઈઝેશન મામલે એક એડવાઈઝરી જાહેર કરી છે. આ એડવાઈઝરીની સાથે સાથે દિલ્હીની હોસ્પિટલોમાં પરિસ્થિતિને જાણવા માટે મોક ડ્રીલનું પણ આયોજન થશે. દિલ્હીમાં સંક્રમણનો પોઝીટીવી રેટ વધી રહ્યો છે. દેશમાં ફરી એકવાર કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે.

દિલ્હી અને મહારાષ્ટ્ર સહિત દેશના અન્ય ભાગોમાં કોરોનાના કેસ હવે તબીબી નિષ્ણાતોનું ટેન્શન વધારી રહ્યા છે. રાજધાની દિલ્હીમાં કોરોનાના ૧૩૯ નવા કેસ નોંધાયા હતા. તો બીજી તરફ દેશમાં નવા ૧૫૯૦ દર્દીઓ સામે આવતા દેશનું આરોગ્ય તંત્ર પણ દોડતું થયું છે. ભારતમાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા વધીને ૮૬૦૧ થઈ ગઈ છે. ૧૪૬ દિવસ પછી દેશભરમાં એક જ દિવસમાં આટલા દર્દીઓ સામે આવ્યા છે.



મહારાષ્ટ્રમાં કોવિડના ૪૩૭ નવા કેસ નોંધાયા હતા, તો બીજી તરફ કોવિડને કારણે ૨ લોકોના મોત થયા છે. હાલમાં રાજ્યમાં ૧૯૫૬ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં કોવિડના કેસ વધીને ૮૧,૪૧,૪૫૭ પર પહોંચ્યા છે, અને મૃત્યુઆંક વધીને ૧,૪૮,૪૩૫ થઈ ગયો છે. આ પહેલા શુક્રવારે રાજ્યમાં ૩૪૩ નવા કેસ સામે આવ્યા હતા, જ્યારે ત્રણ દર્દીઓના મોત થયા હતા. શનિવારે ઔરંગાબાદ અને કોલ્હાપુરમાં એક-એક દર્દીનું મોત થયું હતું.એચ૩એનર૨ને લઈને જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વર્ષે અત્યાર સુધીમાં મહારાષ્ટ્રમાં એચ૩એનર૨ વાયરસથી ૩૦૬ અને એચ૧એન૧ વાયરસથી ૪૨૭ લોકો સંક્રમિત થયા છે.

મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને પહેલાથી જ બીમાર અને વૃદ્ધોએ ભીડભાડ વાળી જગ્યાો સાથે સાથે અશુદ્ધ હવાવાળી જગ્યાઓ પર જવાનું ટાળવું જોઈએ. તબીબી આરોગ્ય ક્ષેત્રમાં રોકાયેલા પેરામેડિક્સ, દર્દીઓ અને તેમના સંબંધીઓએ માસ્ક પહેરવું જોઈએ. ગીચ અને બંધ જગ્યાએ માસ્ક પહેરવું જ જોઈએ. છીંક કે ખાંસી વખતે નાક અને મોં ઢાંકવા માટે રૂમાલ/ટીશ્યુનો ઉપયોગ કરવો જોઈએ. હાથની સ્વચ્છતા જાળવવી, હાથ વારંવાર ધોવાનું રાખો. જાહેર સ્થળોએ થૂંકવાનું ટાળો. કોવિડ ટેસ્ટને પ્રોત્સાહન આપવું જોઈએ અને લક્ષણોના જો દેખાય તો તેવા કિસ્સામાં ટૂંક સમયમાં માહિતી શેર કરવી જોઈએ. જો તમે શ્વસન સંબંધી રોગોથી પીડિત હોવ તો સાવચેત રહેવાની જરૂર છે. સંમિશ્રણ મર્યાદિત હોવું જોઈએ. કોરોનાથી બચવા માટે લોકોએ રસીકરણ કરાવવું જોઈએ.

# જેના માથે બળાત્કાર પીડિતાને ન્યાય અપાવવાની જવાબદારી છે તેણે તેની ઈજ્જત લૂંટી

પલવલ,તા.૨૬

હરિયાણાના પલવલમાં એક ખૂબ જ શરમજનક ઘટના સામે આવી છે. જેના માથે બળાત્કાર પીડિતાને ન્યાય અપાવવાની જવાબદારી છે તેણે તેની ઈજ્જત લૂંટી લીધી. પલવલમાં ગેંગરેપ પીડિત યુવતીએ હવે પોલીસના જ એક છજૈંએ તેના પર બળાત્કાર કર્યાનો આરોપ લગાવ્યો છે. આરોપ છે કે, પોલીસકર્મી તેને તપાસના બહાને ઘરેથી બોલાવી લેતો હતો અને હોટેલમાં લઈ જઈ તેના પર બળાત્કાર ગુજારતો હતો. આટલું જ નહીં, તે ગેંગરેપ પીડિત યુવતીને આનો વિરોધ કરશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપતો હતો.પોલીસકર્મીએ કિશોરી પર ગેંગરેપના કેસમાં સંમતિ આપવા માટેનું દબાણ પણ કર્યું હતું. હવે પીડિતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં એએસઆઇ વિરુદ્ધ બળાત્કાર સહિત અન્ય કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે, જેની તપાસ કરવામાં આવી રહી છે.આ મામલે પલવલના એસપી રાજેશ દુગ્ગલે જણાવ્યું કે, હોડલ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના એક ગામની ૧૫ વર્ષની સગીર છોકરીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. યુવતીએ આરોપ લગાવ્યો છે કે, ૨૦૨૨માં તેણે મહિલા પોલીસ સ્ટેશનમાં અપહરણ કરીને બળાત્કારનો કેસ નોંધાવ્યો હતો, જેની તપાસ એએસઆઇ સુશીલા અને એએસઆઇ હંસરાજ કરી રહ્યા હતા. બંને તેને બાળ કલ્યાણ સમિતિ અને જિલ્લા સિવિલ હોસ્પિટલમાં મેડિકલ તપાસ માટે લઈ ગયા હતા અને કોર્ટમાં નિવેદન પણ નોંધ્યું હતું.એસપીએ કહ્યું કે અહીંથી એએસઆઇ હંસરાજ તેને સહી કરાવવાના બહાને હોટલના રૂમમાં લઈ ગયો અને તેની સાથે બળાત્કાર કર્યો. વિરોધ કરવા પર આરોપી પોલીસકર્મીએ યુવતીને ધમકી આપી કે, જો તે આ વિશે કોઈને કહેશે તો તે તેને જાનથી મારી નાંખશે. એવો પણ આરોપ છે કે, તે પછી આરોપી એએસઆઇ ગેંગરેપના આરોપીઓની સાથે મળીને તેના પર સમાધાન કરવા માટેનું દબાણ પણ કર્યું.અધિકારીના જણાવ્યા મુજબ, ફરિયાદમાં પીડિતા વતી એવું પણ કહેવામાં આવ્યું હતું કે, આરોપીએ તેને ૧૭,૦૦૦ રૂપિયાનો ફોન પણ ખરીદીને આપ્યો હતો, જેથી તે ગેંગરેપ કેસમાં સમાધાન કરવા તૈયાર થઈ જાય.પીડિતાએ આ આખી વાત તેની માતાને જણાવી, ત્યારબાદ બંનેએ ડીએસપી અને પલવલ એસપીને ફરિયાદ કરી. મહિલા પોલીસ સ્ટેશને આ મામલે ગુનો નોંધી લીધો છે.

# લોકશાહીને નબળી પાડનારાઓ સત્યાગ્રહ ન કરી શકે: મુખ્યમંત્રી યોગીનો કોંગ્રેસ પર ટોણો

લખનૌ,તા.૨૬

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના સત્યાગ્રહ કાર્યક્રમ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે લોકશાહીને નબળી પાડનારા સત્યાગ્રહ કરી શકતા નથી. ભાષાવાદ અને પ્રાદેશિકવાદના આધારે દેશના ભાગલા પાડનારાઓ પણ સત્યાગ્રહ કરી શકતા નથી. જેમને મનુષ્યો પ્રત્યે કોઈ સહાનુભૂતિ નથી, મૂંગી જીવોની તો વાત જ દો, તેમને સત્યાગ્રહનો અધિકાર નથી. રવિવારે એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે સીએમ યોગીએ કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા.

સીએમ યોગીએ કહ્યું કે ગાંધીજીએ પોતાના જીવનમાં હંમેશા સત્ય, અહિંસા અને અહિંસાને સ્થાન આપ્યું છે. તેની પાસે આ માટે વિનંતી હતી. તેમની વિનંતીને સત્યાગ્રહ કહેવામાં આવ્યો. તેમણે કહ્યું કે ઘણા લોકોને દેશ પર શાસન કરવાનો મોકો મળ્યો છે, પરંતુ જેમને માણસો પ્રત્યે લાગણી નથી, તેઓ મૂંગી જીવોની વાત તો છોડો, તેઓ સત્યાગ્રહ કેવી રીતે કરશે. અસત્યના માર્ગે ચાલનાર સત્યાગ્રહની વાત કરી શકતો નથી. ભ્રષ્ટાચારમાં ડૂબેલા લોકો સત્યાગ્રહ કરી શકતા નથી.રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સત્યાગ્રહને સમજાવતા સીએમ યોગીએ કહ્યું કે સત્યાગ્રહ મન, વચન અને કર્મને અનુસરવાનો છે. કોંગ્રેસના નેતાઓના આચરણ અને વર્તન પર આકરા પ્રહારો કરતાં તેમણે કહ્યું કે જેનું આચરણ અને વર્તન, આચાર અને વિચારો, શબ્દો અને કાર્યો અલગ-અલગ હોય તે સત્યાગ્રહ કરી શકે નહીં.

# ત્રિપુરા વિધાનસભા અધ્યક્ષ ચુંટણી : ભાજપની વિરૂધ્ધ માકપા,કોંગ્રેસે સંયુકત ઉમેદવાર ઉતાર્યો

અગરતલા,તા.૨૬

વિરોધ પક્ષ માકપા અને કોંગ્રેસે મળી ૧૬ ફેબ્રુઆરીએ થયેલ ત્રિપુરા વિધાનસભા ચુંટણી લડી હતી તેમણે વિધાનસભા અધ્યક્ષની ચુંટણી માટે સત્તારૂઢ ભાજપની વિરૂધ્ધ સંયુકત ઉમેદવાર ઉભો કર્યો છે. નવ રચાયેલી ત્રિપુરા વિધાનસભાના પહેલા ત્રણ દિવસીય સત્રમાં નવા અધ્યક્ષની ચુંટણીની સાથે શરૂ થશેમાકપા જેના ૧૧ સભ્ય છે અને ત્રણ ધારાસભ્યોવાળી કોંગ્રેસે ભાજપના બિસ્વા બંધુ સેનની વિરૂધ્ધ અનુભવી કોંગ્રેસ નેતા ગોપાલ રોયને મેદાનમાં ઉતાર્યા છે.જે ગત વિધાનસભામાં ઉપાધ્યક્ષ હતાં.૧૩ બેઠકોની સાથે ટિપરા મોથા પાર્ટી(ટીએમપી) વિધાનસભા ચુંટણીમાં ભાજપ બાદ બીજી સૌથી મોટી પાર્ટીના રૂપમાં ઉભરી,ભાજપે ૩૨ બેઠકો મળી જયારે તેના સાથી ઈંડીજેનસ પીપલ્સ ફ્રંટ ઓફ ત્રિપુરા(આઈપીએફટી)ને એક બેઠક મળી છે.ટીએમપી સુપ્રીમ પ્રદ્યોલ વિક્રમ માણિકય દેવ બર્મને જણાવ્યું હતું કે પાર્ટીના ૧૩ ધારાસભ્યોની સાથે બેઠક બાદ તેમની પાર્ટીના વલણને અંતિમ રૂપ આપવામાં આવ્યા છે.

# લાલન સિંહે પીએમ મોદીને જૂનું નિવેદન યાદ કરાવ્યું, પૂછ્યું- 'નીતીશના ડીએનએ પર બોલવું એ કયા વર્ગનું અપમાન હતું?

પટણા,તા.૨૬

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવ્યા બાદ આજે પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ સત્યાગ્રહ કર્યો હતો. હવે અન્ય પાર્ટીઓ પણ આ મુદ્દે ખુલ્લેઆમ રાહુલ ગાંધીનું સમર્થન કરી રહી છે અને કેન્દ્ર સરકાર પર વિરોધનો અવાજ દબાવવાનો આરોપ લગાવી રહી છે.

જનતા દળ યુનાઈટેડના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલન સિંહે ટ્વીટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના જૂના નિવેદનની યાદ અપાવી છે.

લાલન સિંહે કહ્યું, 'ભાજપના નાનાથી લઈને મોટા નેતાઓ, બધા માખણ ભરેલા ડબ્બા સાથે કહી રહ્યા છે કે 'દેશના આદરણીય વડાપ્રધાન વિરુદ્ધ બોલવું એ પછાત વર્ગનું અપમાન છે'... હું પણ હસું છું! અમે ઈચ્છીએ છીએ. જયારે આદરણીય વડાપ્રધાનશ્રીએ આદરણીય મુખ્યમંત્રીશ્રીના ડીએનએપર સવાલ ઉઠાવવામાં આવ્યો,નીતીશ કુમાર જી કયા વર્ગમાંથી આવે છે..? ભાજપના નેતાઓ કમ સે કમ જવાબ તો આપો..!

તમને જણાવી દઈએ કે આ દિવસોમાં વિપક્ષ કેન્દ્ર સરકારને સંસદથી લઈને રોડ સુધી સતત ઘેરી રહ્યો છે. રાહુલ ગાંધીની સંસદની સદસ્યતા રદ કરવા પર લલન સિંહે કહ્યું હતું કે જે રીતે રાહુલ ગાંધીની સદસ્યતા રદ કરવામાં આવી છે તે સ્પષ્ટ દર્શાવે છે કે આ નિર્ણય ઉતાવળમાં લેવામાં આવ્યો છે. કોંગ્રેસ સહિત વિપક્ષના કેટલાય સભ્યોએ કેન્દ્ર સરકાર સામે રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરી હતી.

NEWS OF GANDHINAGAR_P-3

માનસ ગૌરીસ્તુતિ મહેશ એન શાહ. દિવસ-૪ તારીખ ૨૫ માર્ચ

# સાંપ્રત સમયમાં વેદ આપણને કહે છે કેઃઆપણે એકબીજાને મિત્ર દ્રષ્ટિથી નિહાળીએ

## બાપુએ કહ્યું:બહુ સારો કાળ આવી રહ્યો છે, સાધુનું ભજન પ્રમાણ છે

ચોથા દિવસની કથા પ્રારંભે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તેમજ સદસ્ય જીતુભાઈ વાઘાણી,મુકેશભાઈ પટેલ વગેરે વ્યાસ વંદના કરી અને શંકરભાઈ ચૌધરીએ પોતાનો ભાવ રાખ્યો. બાપુએ કહ્યું કે શક્તિ પૂજાના દિવસો પૂરા થયા પછી જેના સમાન કોઈ નથી એવા શક્તિમાન-રામનું પ્રાગટ્ય થાય છે.આપણે ફળની આકાંક્ષા વગર એક અનુષ્ઠાન કરી રહ્યા છીએ અને એ પણ રસ સાથે. જાનકી પાર્વતીના મંદિરે જાય છે અને કહે છે આપનો જય હો.જગતજનની દામીની ધૃતિ ગાતા આપની દ્યુતિ એટલે કે કાંતિ,આભા,શોભા અદભુત છે.આ સ્તુતિમાં કન્યારૂપ,વિવાહિત રૂપ અને માતૃરૂપને પણ સ્મરણમાં લેવામાં આવ્યું છે. ગણેશ-ગજમુખ, શિવ ચંદ્રમુખ અને કાર્તિકેય-ષડમુખ-છ મુખવાળા છે.

એ ષડમુખનો આધ્યાત્મિક અર્થ શું છે?

આ શ્લોકના અનેક ભાષ્યો થયા છે.આદિ શંકરાચાર્ય પોતાની રીતે,રામાનુજ,નિંબાર્કાચાર્ય તેમજ અલગ-અલગ આચાર્ય પોતાની રીતે દર્શન રાખે છે. પણ આપણે ગામડાના છીએ આપણે આપણા સ્તરે એનો અર્થ કરીએ:મારી આંખો દરેકને મિત્ર ભાવે જોવે,મારા નેત્રો દરેકને મિત્ર દ્રષ્ટિથી નિહાળે.વેદ મંત્ર સંકીર્ણ ન હોય.બધા પણ મને મિત્ર ભાવે જોવે. એકબીજાને મિત્ર ભાવે જોઈને અનુષ્ઠાન કરીએ. સાંપ્રત સમયમાં વેદ આપણને કહે છે કે:આપણે એકબીજાને મિત્ર દ્રષ્ટિથી નિહાળીએ.મિત્ર છો એવું આપણે બોલીએ પણ હૃદયની મૈત્રી ખંડિત થઈ રહી છે.નહિંતર આટલા વિવાદો અપવાદો દુર્વાદો ન હોત. કાર્તિકેના છ મુખમાંથી આ એક મુખની દ્રષ્ટિ,એની દ્રષ્ટિ મિત્રદ્રષ્ટિ છે.આપણે શિવના સંતાનો છીએ આપની ઉપાસના,ઇષ્ટ, મંત્ર ગમે તે હોય. શિવ એટલે શંકર ભગવાનમાં વાંધો પડે તો શિવ એટલે કલ્યાણ એમાં તકલીફ ન હોવી જોઈએ.બુદ્ધ એના આશ્રિતોને કલ્યાણમિત્ર કહીને સંબોધતા. છ મુખ એટલે બાર આંખો, આ બાર દૃષ્ટિની વાત છે. બાપુએ કહ્યું કે બહુ સારો કાળ આવી રહ્યો છે, સાધુનું ભજન પ્રમાણ છે.

ગાલિબનાં મિત્રોએ કહ્યું કે આપ હજ પઢવા માટે જાઓ.ગાલિબ કહે હું ગરીબ છું, મારી પાસે કંઈ નથી.મિત્રો કહે પૈસા અને તમામ નિયમોની વ્યવસ્થા અમે પૂરી કરીશું.પછી સન્માન સમારંભ થયો કે ગાલિબ તીર્થયાત્રાએ જઈ રહ્યા છે.એ વખતે આ ચાર પંક્તિ આવી:

★મહોબ્બત મેં દિલ આજ ગભરા રહા હૈ,★

★તસવ્વુર હકીકત હુઆ જા રહા હૈ;★

★યું તો યહા સે હૈ કોસોં દૂર હૈ મદીના,★

★મદીના યહાં સે નજર આ રહા હૈ.★

બાપુએ કહ્યું કે આ દેશમાં રામરાજય આવી અને ઉભું રહેશે.કાર્તિકેયની છ દૃષ્ટિમાં એક છે મિત્રદ્રષ્ટિ, બીજી છે દીઘર્દ્રષ્ટિ,એક સૂક્ષ્મદ્રષ્ટિ,એક વિવેકદ્રષ્ટિ. સારા વક્તાના પાંચ લક્ષણોમાં: વ્યક્તિત્વ, વક્તવ્ય, વાસ્તવિકત્વ,વિવેકત્વ,વિનોદત્વ.

એક દ્રષ્ટિ છે સમદ્રષ્ટિ,એક દ્રષ્ટિ છે સમ્યકદ્રષ્ટિ. પુરુષાર્થના છ મુખમાંથી એક છેઃનિમિત્ત બનીને પુરુષાર્થ કરે.બીજું-નમિત બનીને,કાયર બનીને નહીં, બદલાયુક્ત પુરુષાર્થ નહીં.ત્રીજુ-ફળની આકાંક્ષા મુક્ત પુરુષાર્થ.ચોથુ-રસ પૂર્વકનો પુરુષાર્થ,પાંચમું- કાર્ય કૌશલ્ય કુશળતા ભરેલો પુરુષાર્થ અને છઠ્ઠું-જગતના શ્રેય માટે.આ પુરુષાર્થના છ મુખ છે.

કથા પ્રવાહમાં

અમૃતબિંદુઓ:

★વિધાન સભાઓ વિવાદ સભાઓમાંથી વિવેકસભા થઈ જાય તો કેવું સારું!★

★આપણે કલ્યાણનાં સંતાનો છીએ.★

★મારી આંખો દરેકને મિત્ર ભાવે જોવે.★

★કુશળ વક્તામાં પાંચ લક્ષણો હોય છે★

★કથામંત્રઃ★

યજુર્વેદનો એક મંત્ર છેઃ

★મિત્રસ્ય મા ચક્ષુસા: સર્વાણિ ભુતાનિ સમિક્ષતાં,★

★મિત્રસ્યાહં ચક્ષુસા સર્વાણિ ભુતાનિ સમિક્ષે;★

★મિત્રસ્ય ચક્ષુસા સમિક્ષામહે.★

# ભાજપ પૂરી તાકાત સાથે એક વ્યક્તિને બચાવવામાં લાગી છે




સત્તાના જોરે લોકશાહીનો અવાજ દબાવવા અને ભ્રષ્ટાચારને છુપાવવા માંગતી ભાજપ સરકાર વિરુધ કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત 'સંકલ્પ સત્યાગ્રહ' કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે પૂરી તાકાત સાથે ભાજપ એક વ્યક્તિને બચવવામાં લાગી છે. ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે શાંતિપૂર્ણ રીતે વિરોધ દ્વારા લોકશાહીના રક્ષણ માટે, ભ્રષ્ટાચારી ભાજપ સરકારની પોલ ખોલતા આદરણીય રાહુલ ગાંધીજીના આવાજને દબાવવા સદસ્યતા રદ્દના પગલા સામે કોંગ્રેસ પક્ષ 'સંકલ્પ સત્યાગ્રહ' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સરમુખત્યારશાહીને વરેલી ભાજપ સરકાર દેશની જનતાનો અવાજ-વિપક્ષનો અવાજ દબાવવા પોલીસતંત્ર, વહીવટી તંત્રઓ દુરુપયોગ કરીને મોડી રાત સુધી શાંતિપૂર્ણ કાર્યક્રમની પરમીશન આપવામાં આનાકાની કરવામાં આવી. ત્યારબાદ સવારે ભાજપ સરકારના ભ્રષ્ટાચાર જનતા સમક્ષ વધુ ખુલ્લો પડી રહ્યાં છે ત્યારે દેશમાં લોકશાહીને બચાવવા માટે શાંતિપૂર્ણ રીતે ધરણા-પ્રદર્શન કરવા છતાં તાનાશાહી ભાજપ સરકારના ઈશારે 'સંકલ્પ સત્યાગ્રહ' કાર્યક્રમમાં પોલીસતંત્રને આગળ ધરી બળજબરી પૂર્વક કોંગ્રેસ પક્ષનાં આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓની ધરપકડ કરવામાં આવી હતી. લોકશાહીને બચાવવા માટેની આ લડાઈ કોંગ્રેસ પક્ષ સતત લડતો રહેશે.કોંગ્રેસ પક્ષ લોકતંત્ર, સંવિધાનની રક્ષા માટે, ભાજપની લૂંટને ઉજાગર કરવા, જનતાના હક્ક અને અધિકારી માટેના આદરણીયશ્રી રાહુલ ગાંધીજીની ભાજપ વિરુદ્ધની લડાઈમાં કોંગ્રેસ પક્ષનો દરેક કાર્યકર્તા ખભેથી ખભો મિલાવીને સાથે આપશે છે અને ભાજપ સરકારની એક વ્યક્તિને બચાવવાની ભ્રષ્ટાચારી નીતિ-રીતીને ખુલ્લી પાડીને રહેશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત 'સંકલ્પ સત્યાગ્રહ' કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેશભાઈ પરમાર, એઆઈસીસીના પૂર્વ મહામંત્રીશ્રી દીપક બાબરિયા, કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, ઈન્દ્રવીજયસિંહ ગોહિલ,પ્રદેશ ઉપપ્રમુખશ્રી ડૉ.જીતુભાઈ પટેલ,શ્રી ગીતાબેન પટેલ,ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા,શ્રી અમૃત ઠાકોર, પ્રદેશ મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી, મહિલા પ્રમુખશ્રી જેનીબેન ઠુમ્મર, અમદાવાદ કોર્પોરેશન કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શહેઝાદખાન પઠાણ, પૂર્વ ધારાસભ્યશ્રી લાખાભાઈ ભરવાડ, અનુસુચિત જાતી ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, શ્રી ભરતભાઈ મકવાણા, શ્રી સી.એમ. રાજપુત સહીત મોટી સંખ્યામાં પ્રદેશ કોંગ્રેસના આગેવાનશ્રીઓ, હોદ્દેદારોશ્રીઓ, ફ્રન્ટલના હોદ્દેદારોશ્રીઓ અને કાર્યકર્તાઓની ધરપકડ કરવામાં આવી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)

# મહાઠગ કિરણ પટેલને અમદાવાદ લાવવાની તૈયારીઓ તેજ, ક્રાઈમ બ્રાંચે ટ્રાન્સફર વોરંટની પ્રક્રિયા શરૂ કરી

અમદાવાદ,તા.૨૬

મહાઠગ કિરણ પટેલને ટૂંક સમયમાં અમદાવાદ લવાશે. ઠગબાજ કિરણ પટેલને અમદાવાદ લાવવાની તૈયારીઓ તેજ થઇ ગઇ છે અને આગામી ૮ દિવસમાં કિરણ પટેલને ટ્રાન્સફર વોરંટથી ક્રાઈમ બ્રાંચ અમદાવાદ લાવશે. મહત્વપૂર્ણ છે કે જગદીશ ચાવડાનો રૂપિયા ૧૮ કરોડનો બંગલો પચાવી પાડવાના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે કાર્યવાહી હાથ ધરી છે. ઠગ કિરણ પટેલે જગદીશ ચાવડાનો રૂપિયા ૧૮ કરોડનો બંગલો પચાવી પાડવાનો કારસો રચ્યો હતો.જે મુદ્દે નોંધાયેલી ફરિયાદ અનુસંધાને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે કિરણ પટેલ વિરૂદ્ધ ગુજરાતના ત્રણ શહેરોમાં અલગ અલગ ફરિયાદો નોંધાયેલી છે.જમ્મુ-કાશ્મીર પોલીસે ગુજરાતના ઠગ કિરણ પટેલની ધરપકડ કરી છે. જેણે પોતાની ઓળખ વડાપ્રધાન કાર્યાલયમાં એડિશનલ ડાયરેક્ટર તરીકે આપી હતી અને હાઈ-પ્રોફાઈલ સુરક્ષા પ્રોટોકોલનો આનંદ માણ્યો હતો.

## પોરબંદર નજીક થયેલા અકસ્માતમાં માર્યા ગયેલાઓ પ્રતિ સંવેદના વ્યક્ત કરી સહાય મોકલતા મોરારિબાપુ



ગઈકાલે પોરબંદર ના દેગામ નજીક એક કાર અને ખાનગી ટ્રાવેલ્સની બસ વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કિંદરખેડા ગામના ચાર આશાસ્પદ યુવાનોના કરુણ મૃત્યુ નિપજયા હતાં અને અનેક મુસાફરોને ઈજાઓ પણ થઈ હતી. આ સમાચાર પેપરમાં વાંચ્યા બાદ પૂજ્ય મોરારીબાપુએ ચારે મૃતક યુવાનો પ્રતિ એમની સંવેદના વ્યક્ત કરી પ્રત્યેક મૃતકને ?૧૧,૦૦૦ લેખે કુલ ૪૪ હજાર રૂપિયાની હનુમંત સંવેદના સહાયતા રાશિ પ્રેષિત કરેલ છે. પોરબંદર સ્થિત રામકથાના શ્રોતા દ્વારા આજે રૂબરૂ જઈને ચારેય મૃતક યુવાનોના પરિજનોને આ સંવેદના રાશિ તેમજ એક રામનામની શાલ પહોંચતી કરવામાં આવી રહી છે. ચારેય મૃતકોના નિર્વાણ માટે પૂજ્ય બાપુએ શ્રી હનુમાનજી ના ચરણોમાં પ્રાર્થના કરી છે અને તેના પરિજનોને દિલસોજી પાઠવી છે.

જયદેવ માંકડ

૨૬/૦૩/૨૩

શક્તિપીઠ પાવાગઢ મહાકાળી માતાજીના દર્શને ચૈત્ર નવરાત્રીમાં જતા પદયાત્રીઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ હાલોલ ગાયત્રી શક્તિપીઠ મંદિર ખાતે તારીખ ૨૭/ ૩/ ૨૦૨૩ થી તારીખ ૨૯/ ૩/ ૨૦૨૩ સુધી ભોજન પ્રસાદ, મેડિકલ સેવા, વિસામાની વ્યવસ્થા સતત ૨૪ કલાક શ્રી સંકટ મોચન હનુમાન ભક્ત મંડળ વટવા જીઆઈડીસી અમદાવાદ

તથા શક્તિપીઠ સેવા આશ્રમ ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવેલ છે જેમાં અલગ અલગ વાનગીઓ લાઇવ ઢોકળા, મોહનથાળ, પૂરી શાક દાળ ભાત પાપડ ફાળા લાપસી ,ખીચડી કઢી ગોટા આઠમ નિમિત્તે લીંબુ શરબત ફરાળમાં રાજગરાનો શીરો ,મોરૈયો ,સૂકી ભાજી,બફવળા, કઢી આઇસક્રીમ રાખવામાં આવેલ આવેલ છે સર્વે ભાવિક ભક્તોએ સેવાનો લાભ લેવા વિનંતી છે એમ સંસ્થાના પ્રમુખ અતુલભાઈ રાવજીભાઈ પટેલ દ્વારા જણાવ્યુ છે.



બાયડ તાલુકા ના ઉંટરડા ગામે સરકાર શ્રી ની ૧૫માં નાણાપંચ , તાલુકા અને જિલ્લા આયોજન અને છ્રૂ ની ગ્રાન્ટ માંથી મંજુર થયેલ આશરે ૧૫૦૦ ફૂટ જેટલી ગટરલાઈન નું ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા ના હસ્તે કરવામાં આવ્યું ... જેમાં પંચાયત સરપંચ શ્રી દશરથસિંહ સાથે ભારતીય જનતા પાર્ટી ના આગેવાનો તેમજ ગ્રામજનો એ હાજરી આપી હતી ....




આપણા NOG સાહિત્ય સરિતા ગ્રુપના આદરણીય એડમીન સભ્ય એવા શ્રીમતી વિભૂતિબેનનું આજરોજ 'પ્રસાદી' પ્રસન્ન સાક્ષર દિકરી અને સમર્થ મહિલા અભિયાનના ઉપક્રમે વલસાડ ના ઉંટડી ગામે યોજાયેલ સન્માન કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આપણા ગ્રુપ ના શિક્ષણવિદ સન્માનીય સભ્ય ભાવનાબેન મિસ્ત્રી દ્વારા સાલ ઓઢાડીને, પુષ્પગુચ્છ આપી, મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તે વેળાની તસ્વીર...

# ઓસ્ટ્રેલિયાના સીડની શહેરમાં વડતાલધામ મંદિરનું ભૂમિપૂજન. (બોક્સ) આ ભારતીય સંસ્કૃતિનું જીવંત મંદિર બનશે - નિત્યસ્વરૂપ સ્વામી



ઓસ્ટ્રેલિયાના સીડની શહેરમાં પાંચ એકરમાં , વડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણ દેવના તાબાના વડતાલધામ મંદિરનો ભવ્ય ભૂમિપૂજન મહોત્સવ યોજાયો. આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ તથા વડતાલ ટ્રસ્ટીબોર્ડના પ્રયાસ તથા વડિલ સંતોના આશીર્વાદ

સાથે છેલ્લા ચાર વર્ષથી સત્સંગીઓ હરિમંદિરમાં સત્સંગ કરી રહ્યા છે. સત્સંગ સમુદાય વધતા વિશાળ મંદિરની માંગ ઊભી થઈ . છ મહિના પૂર્વે આચાર્ય મહારાજ એવં ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી વગેરે ચતુર્થ પાટોત્સવ પ્રસંગે પધાર્યા ત્યારે વિશાળ ભૂમિ સંપાદનનો સંકલ્પ કર્યો . સહુ ધર્મપ્રેમી સજ્જનોના સહકાર સાથે ૫ એકર ભૂમિ સંપાદિત કરવામાં આવી .

આ જમીનમા "ભૂમિ પૂજન" નિમિત્તે તા ૨૩ થી ૨૭ ૦૩-૨૩ સુધી ભૂમિપૂજન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં પાંચ દિવસ ઘરસભા તથા શ્રીમદ્ સત્સંગિજીવનની કથા , સરધાર નિવાસી પૂજ્ય નિત્યસ્વરૂપદાસજી સ્વામીના વક્તાપદે રાખવામાં આવેલ.

તા ૨૬ -૩ ૨૩ના રોજ મહાસમર્થ યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીએ આપેલ બીજમંત્ર અને જનમંગલ હોમ સાથે મંત્રોના નાદ સાથે પૂ નિત્યસ્વરૂપ સ્વામી તથા ડો સંત સ્વામીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું જેમાં ભૂમિદાતા યજમાનો પણ જોડાયા હતા . આશીર્વાદ સાથે સંત સ્વામીએ મંદિરનું આધ્યાત્મિક અને સામાજીક મહાત્મ્ય સમજાવ્યું હતુ પૂ નિત્યસ્વરૂપ સ્વામીએ આ મંદિર ભારતીય સંસ્કૃતિનું જીવંત મંદિર બની રહેશે , એવા આશીર્વાદ સાથે દાતાઓ , મહેમાનો અને કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા હતા અને ભારતભૂમિના ગૌરવની વાત કરી હતી . ભારત એ ભગવાનની ભૂમિ છે.

. આ પ્રસંગે તેજસભાઈ પ્રમુખશ્રી , દિપક રાઘવાણી - સેક્રેટરિ , સી કે પટેલ . ઘનશ્યામ કાનાણી, કેતન પટેલ , નિલય પટેલ , રજનીકાંત પટેલ , રાજેશ ડોબરીયા , બીપીનભાઈ , મહેશભાઈ વગેરે અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી ગણદેવી ખાતે શ્રમયોગી કલ્યાણ બોર્ડ અને તાલુકા ભાજપ દ્વારા આયોજીત શ્રમ કાર્ડ વિતરણ કાર્યક્રમ નવસારીના સાંસદ તેમજ પેજ કમિટના પ્રણેતા એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ નવસારીના ગણદેવી ખાતે શ્રમયોગી કલ્યાણ બોર્ડ અને તાલુકા ભાજપ દ્વારા આયોજીત શ્રમ કાર્ડ વિતરણ કાર્યક્રમ નવસારીના સાંસદ તેમજ પેજ કમિટના પ્રણેતા એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી સંબોધન કર્યુ હતું. શ્રી સી.આર.પાટીલજીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જનતાએ દેશના કર્મઠ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર ફરી વિશ્વાસ મુકી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી મતો આપી વિજતા કર્યા છે તે બદલ કાર્યકરો અને જનતાનો આભાર માનુ છું.વિધાનસભા ચૂંટણીમાં જીતનો શ્રેય પેજ કમિટી અને પેજ પ્રમુખના શિરે જાય છે. વિધાનસભાની ચૂંટણી હોય કે નગર પાલિકા,મહાનગર પાલિકા, તાલુક પંચાયતની ચૂંટણી હોય ભાજપના કાર્યકરો પેજ કમિટીના લીધે અને જનતાની સેવા કરે છે તેના કારણે જનતા ભાજપને ચૂંટણીમાં મત આપે છે. કોંગ્રેસ પાર્ટી પણ હવે પેજ કમિટિનું ગણિત સમજવાનો પ્રયાસ કરી રહી છે પરતુ તેના માટે કાર્યકરોની ફોજ હોવી જરૂરી છે.

શ્રી પાટીલજી વધુમાં જણાવ્યું કે ,આવનાર લોકસભા ચૂંટણીમાં પણ ગુજરાતની ૨૬ માંથી ૨૬ બેઠકો પરથી વિરોધી ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થાય અને દરેક ઉમદેવાર પાંચ લાખથી વધુ લીડથી જીતશે અને ગુજરાતથી ભારે મતોથી કમળ વિજય બનાવી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના હાથ મજબૂત કરવાના છે. ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર ચૂંટણી જીતી જનતાની સેવા કરે છે અને કારણે જનતા આપણે મત આપે છે. ભાજપની કેન્દ્રની અને રાજયની સરકાર છેવાડાના માનવીનો પણ વિકાસ થાય તેના ઉત્થાન માટે મહેનત કરે છે અને એટલે જ આપ સૌ દરેક યોજનાને યોગ્ય લાભાર્થી ને લાભ મળે તે માટે પ્રયાસ કરજો.

આ કાર્યક્રમમાં પ્રદેશ જીલ્લા પ્રમુખશ્રી ભુરાભાઇ શાહ,પ્રદેશમંત્રી શીતલબેન સોની,જીલ્લાના પ્રભારીશ્રી રણજીતભાઇ, ધારાસભ્યશ્રીઓ નરેશભાઇ પટેલ,શ્રી રાકેશભાઇ દેસાઇ,જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી અશ્વિનભાઇ પટેલ ,જીલ્લા કલેકટરશ્રી, જીલ્લા પોલીસ વડા,તેમજ ડિવાઇએસપીશ્રી સહિત જીલ્લાના હોદ્દારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડના મોગરાવાડીની કોરોના પોઝિટિવ મહિલાનું થયું મોત

વલસાડ,તા.૨૬

વલસાડમાં કોરોનાએ શહેરમાં ફરીથી ધીરે-ધીરે માથું ઉચવાનું શરૂ કર્યું છે. ધીરે-ધીરે કોરોનાના નવા કેસો નોંધાવાના શરૂ થઈ ગયા છે. એવામાં વલસાડ જીલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીનું મોત થયુ છે. વલસાડના મોગરાવાડીની કોરોના પોઝિટિવ મહિલાનું મોત થયુ છે. કોરોના દર્દીનું મોત બાદ વલસાડના વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારને ક્લસ્ટર કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કર્યો છે. પરંતુ આરોગ્ય વિભાગનું એવુ તારણ છે કે કોરોના પોઝિટિવ મહિલાનું અન્ય કારણોસર મોત થયુ છે.આ અગાઉ વડોદરામાં એસએસજી હોસ્પિટલમાં સારવાર લેતા ૬૮ વર્ષિય કોરોના પોઝિટીવ દર્દીનું મોત નિપજ્યુ હતુ. શહેરના પાણીગેટ વિસ્તારમાં રહેતા ૬૮ વર્ષિય વૃદ્ધ કોમોર્બીડ હતા.

# ફોટો ગેલેરી




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4